# પ્રકરણ - 3

# કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનું સ્વરૂપ અને વર્ગીકરણ

# પ્રકરણ – 3

# કુન્દનિકા કાપડીઆની  કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનું સ્વરૂપ અને વર્ગીકરણ

## પ્રસ્તાવના

કોઈપણ પ્રકારનો સંઘર્ષ એક વિરોધની સ્થિતિ છે. એવું કોઈ વ્યક્તિ, સમાજ કે સમૂહ નથી કે જેમાં ક્યારેય સંઘર્ષની સ્થિતિ ન જન્મી હોય. સંઘર્ષના ઘણા પ્રકાર હોઈ શકે. તેને ભાવનાત્મક દૃષ્ટિકોણથી પણ અભિવ્યકત કરી શકાય છે. ભાવલાગણીઓ દ્વારા સર્જાતા સંઘર્ષનો મનુષ્ય સાથે જન્મથી મૃત્યુપર્યંતનો નાતો રહ્યો છે. ધારેલું બધું જ સફળ થાય કે મળી જાય તો તેવી સ્થિતિમાં સંઘર્ષને સ્થાન નથી. જયારે કોઈ પરિસ્થિતિને ધ્યાને રાખીને ઇચ્છાઓ સંતોષાતી ન હોય ત્યારે મનમાં કંઈક અસંતોષ જાગે છે. કંઈક અધૂરપ વર્તાય છે જેને લીધે મનોસંઘર્ષ જાગે છે. આ સંઘર્ષ દરેક આબાલવૃદ્ધ અનુભવે છે. દુઃખદ ભાવનાઓના સંઘર્ષ દ્વારા કઠોર વ્યક્તિ પણ માનસિક રીતે ભાંગી પડે છે. અહીં તો આપણે સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષની વાત કરવાની છે.

સામાન્ય રીતે એવું મનાય છે કે પુરુષની સરખામણીમાં સ્ત્રીઓ વધુ સંવેદનશીલ જોવા મળે છે. જેટલું કોમળ હૃદય એટલી જ ભાવોર્મિઓ વધુ સંવેદનશીલ. મનોવૈજ્ઞાનિક તારણો મુજબ ભાવનાત્મક સ્થિતિમાં ઉત્તેજિત થવાનું પ્રમાણ સ્ત્રી-પુરુષમાં સરખું જ જોવા મળ્યું છે. પુરુષો કરતાં સ્ત્રીઓ એની ભાવનાઓને જુદી રીતે વ્યક્ત કરે છે. ભાવનાત્મક સ્થિતિમાં રડવું, ભય અનુભવવો, બબડાટ કરવો વગેરે સ્ત્રી માટે સહજ છે. આ કારણે જ સ્ત્રીહૃદયનાં ભાવસ્પંદનો વધુ સંવેદનશીલ જોવા મળે છે. અહીં આપણે સ્ત્રીનાં ભાવનાત્મક સંઘર્ષને સમજીએ.

જાણીતા ઇતિહાસકાર પ્રૉ. શિરીન મહેતાએ ‘ગુજરાતમાં નારીચેતના’ પુસ્તકમાં નોંધ્યું છે કે: ‘જ્યાં સુધી સ્ત્રી-સમાજ, રાજ્ય-પિતૃસત્તાના માધ્યમ, હથિયાર તરીકે કામ કરે છે, ઉત્તમ પત્ની, શ્રેષ્ઠ

માતા, કુટુંબ વ્યવસ્થાની ભૂમિકા નિભાવે છે, ત્યારે સંઘર્ષ થતો નથી. જેમ જેમ સ્ત્રીની સામાજિક ચેતનાનો સંચાર થાય છે, સ્ત્રી-પુરુષ સમાન દરજ્જો, સમાન તકો, સ્ત્રી કેળવણી, રાજકીય અધિકારની માંગણી કરે છે ત્યારે સમાજ, કુટુંબ અને રાજ્યસત્તા સામે પણ સંઘર્ષ છેડવો પડે છે. સ્ત્રીઓની જાગૃતિ ઉપર સમાજ પરિવર્તનનાં ચક્રો નિર્ધારિત છે. તેથી જ સિમોન દ બ્વાહ્ (Simon de Beavour) (૧૯૦૮-૧૯૮૬) વ્યક્તિ સ્વાતંત્ર્યનો પ્રશ્ન છેડતાં નોંધે છે: 'હું વિચાર્યા વિના રહી શકતી નથી કે ગમે તેટલા જુલમી સંજોગો હોય, અથવા અનેક વ્યક્તિઓ દબાણ કરતાં હોય તો પણ હંમેશા ખૂણામાં એક નાનો છેદ હોય છે કે જ્યાં તમે જાતે નિર્ણય લઈ, આગળ આવી તમારી મરજી મુજબ કામ કરી શકો.' હકીકતમાં સિમોને સ્ત્રીઓને ચીમકી આપી છે કે ગમે તેટલા કપરા સંજોગોને ઓળંગીને પણ સ્ત્રીએ જાતે જ તેનો ઉદ્ધાર કરવાનો છે. આગળ ચાલતાં તે એમ પણ કહે છે કે, અત્યાર સુધી સ્ત્રીની વ્યાખ્યા પુરુષો આપતા આવ્યા છે. પણ એવું ક્યારે થશે? કે સ્ત્રી પોતે જ પોતાની વ્યાખ્યા નક્કી કરે?'[i]

પ્રૉ. શિરીન મહેતાએ નોંધેલ આ વિચારો પરથી એક વાત સ્પષ્ટપણે સાબિત થાય છે કે સ્ત્રીના સંઘર્ષ માટેનું સૌથી મહત્વનું પરિબળ પુરુષપ્રધાન સમાજ છે. સમાજમાં સ્ત્રીની સ્વતંત્રતાને રૂંધી નાંખતાં અનેક નિયમો અમલમાં છે. સ્ત્રીને બાલ્યાવસ્થા દરમ્યાન પિતાને આધીન, લગ્નજીવનમાં પતિને આધીન અને વૃદ્ધાવસ્થામાં પુત્રને આધીન રહેવું પડે છે. જ્યાં સુધી સમાજનાં દરેક પુરુષમાં સ્ત્રીનાં માન-સન્માન, એનાં ગૌરવ, સમાનતા વિશે જાગૃતિ ન આવે ત્યાં સુધી સ્ત્રીને પુરુષનું આધિપત્ય સહન કરવું જ રહ્યું. જીવનની નાની નાની ઘટનાઓ અને સમસ્યાઓ સ્ત્રીના માનસિક સંઘર્ષ માટે કારણભૂત બને છે. તેમાં મુખ્યત્વે આપણી સમાજવ્યવસ્થા, પુરુષનું આધિપત્ય, તેની ભાવલાગણીઓ, ઇચ્છાઓ, દુ:ખદ ઘટનાઓ, આસપાસનું વાતાવરણ વગેરે ગણી શકાય.

'સાત પગલાં આકાશમાં' નવલકથાની પ્રસ્તાવનામાં કુન્દનિકા કાપડીઆ નોંધે છે કે: 'સ્ત્રીને 'કાર્યેષુ મંત્રી, કાર્યેષુ દાસી, ભોજ્યેષુ માતા, શયનેષુ રંભા'નું કર્તવ્ય બજાવવાનું કહેવામાં આવ્યું છે. તે મંત્રી છે, સેક્રેટરી છે, 'પાછળ' છે. પતિ કદી પત્નીનો સેક્રેટરી બનતો નથી. પત્નીને 'વીર પુત્રોની માતા' બનવાના આશીર્વાદ અપાય છે. પણ પોતે વીર બને, પરાક્રમી બને, ઊંચા શિખરો સર કરે તેવું તેની

પાસે અપેક્ષિત નથી. સ્ત્રીએ પુરુષના સંબંધમાં શું બનવાનું છે તેના સેંકડો આદર્શો છે, એ ‘રોલ’માં તે બંધબેસે તે માટે અનેક રીતે તેને પ્રશિક્ષિત કરાય છે, પણ પુરુષે સ્ત્રીના સંબંધમાં કશું વિશેષ બનવાનું હોતું નથી.’[iii]

પુરુષ કે સમાજના આધિપત્ય સામે સ્ત્રીને તેની ઇચ્છાઓનું વધુ પડતું દમન કરવું પડે છે. જે તેના સંઘર્ષનું કારણ બને છે. પુરુષની સરખામણીમાં સ્ત્રીહૃદયમાં દયા, વાત્સલ્ય, પ્રેમ, મમતા, સ્નેહ, ઈર્ષ્યા જેવા ભાવો વધુ હોવાનાં કારણે તેનો અસંતોષ પણ સંઘર્ષ માટે જવાબદાર બને છે. સ્ત્રીજીવનમાં સુખ કે દુઃખરૂપી તડકાછાંયડાઓ તો આવતા જ રહે છે. કેટલીક દૃઢમનોબળ ધરાવતી સ્ત્રીઓ આ સ્થિતિને જીરવી જાય છે તો કેટલીક નબળું મનોબળ ધરાવતી સ્ત્રીઓને આવાં દુઃખો અને સમસ્યાઓ સામે હારી જવું પડે છે. અસહાય અવસ્થામાં આવી ભાવનાઓનું વધુ પડતું દબાણ તે સહન કરી શકતી નથી. જેનાં કારણે તે પોતાની માનસિક સમતુલા ખોઈ બેસે છે.

એક વ્યક્તિ તરીકે સ્ત્રીની પણ કેટલીક ઇચ્છાઓ હોય છે. જેની તૃપ્તિની તેને હંમેશા આશા હોય છે. જયારે ઇચ્છાઓ કરતાં વિપરીત પરિસ્થિતિ ઉદ્દભવે ત્યારે તેના મનમાં નકારાત્મક ભાવનાઓનો પ્રભાવ વધે છે. જે ભાવનાત્મક માનસિક સંઘર્ષમાં પરિણમે છે. જે તે પરિસ્થિતિના અસંતોષ મુજબ એનો સંઘર્ષ સાધારણથી માંડીને તીવ્ર કક્ષા સુધીનો હોઈ શકે છે. સંઘર્ષની તીવ્રતા એટલી હદે એનાં માનસપટ પર અસર જન્માવે છે કે ક્યારેક તે આત્મહત્યા જેવું જીવનનું અંતિમ પગલું પણ ભરી લે છે.

સમયની સાથે સ્ત્રીએ નવા જમાના સાથે ડગ માંડ્યાં. શિક્ષણ મેળવીને પગભર બની. સ્ત્રીમાં પરિવર્તન જોવાયું, પરંતુ, પુરુષપ્રધાન સમાજની સ્ત્રી પ્રત્યેની વિચારસરણીમાં ખાસ ફરક પડ્યો નહિ. આ કારણે ડગલેને પગલે તેની લાગણીઓ દુભાતી રહી છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓ પર પણ આધુનિકતાની અસરો જોવા મળે છે. સંઘર્ષમાંથી છૂટકારો મેળવવા માટે પુરુષોની જેમ સ્ત્રીઓ પણ નશીલાં દ્રવ્યો અને વ્યસનોની લતે ચઢે છે. આ રીતે પોતાનું જીવન બરબાદ કરી નાંખે છે. આખરે આ કપરી સ્થિતિમાં ઉદ્દભવેલી ચિંતા તેને તેની ચિતા સુધી ઘસડી જાય છે. આ ભાવનાઓ સ્ત્રીનાં મન પર ખૂબ મોટો પ્રભાવ

પાડે છે. તીવ્ર સંઘર્ષની સ્થિતિમાં એનાં પર અંકુશ રાખી શકાતો નથી. જેના કારણે દુ:ખદ સ્થિતિનો સામનો કરવો પડે છે.

સાહિત્યની દૃષ્ટિએ સંઘર્ષને મૂલવીએ તો તેમાં સ્ત્રીપાત્રોનો સંઘર્ષ વધારે અસરકારક અને અલાયદા વિષય તરીકે ઊપસતો જોવા મળે છે. પાત્રોની સુખદ અને દુ:ખદ ભાવનાઓનું આલેખન અને તેનાં કારણે ઉદ્દભવતો સંઘર્ષ સાહિત્યકાર દ્વારા રજૂ થાય છે. ભલે ને પછી તે પાત્ર પુરુષ હોય કે સ્ત્રી. સાહિત્યમાં સ્ત્રીનાં આંતરિક અને બાહ્ય સૌંદર્યને વધુ ઊંડાણથી સમજવાનો પ્રયત્ન થયો છે. સ્ત્રીની પ્રકૃતિગત માંગો, પરિસ્થિતિ મુજબ બદલાતી એની મનોદશાઓ, સ્ત્રીહૃદયની નાજુક ક્ષણો, સ્ત્રીના સંઘર્ષો, તેની સંવેદનાને ખૂબ જ માર્મિક રીતે એમાં ચિત્રિત કરાઈ છે. સ્વભાવને આધિન થઈને વિવિધ ભાવનાઓથી સંઘર્ષ પામતાં સ્ત્રીપાત્રો સાહિત્યમાં સહજતાથી જોવા મળી જાય છે. આ પરથી એટલું ચોક્કસ કહી શકાય કે સાહિત્યમાં સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષનું પ્રતિબિંબ ઝીલાયા વગર રહ્યું નથી. આ જ કારણે સાહિત્યમાં ચર્ચાયેલા મહત્વનાં વિષયોમાં 'સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ' એક અલગ વિષય તરીકે ઉપસી આવીને આગવું સ્થાન પ્રાપ્ત કરે છે.

કુન્દનિકા કાપડીઆનાં સાહિત્યસર્જનમાં સ્ત્રીજીવનનું આલેખન જોવા મળે છે. જેમાં વિશેષત: તેમણે નારીનાં પ્રશ્નો અને સમસ્યાઓને દર્શાવ્યા છે. સ્ત્રીનાં વિભિન્ન રૂપો, તેનાં જીવનની વિવિધ અવસ્થાઓ, સમસ્યાઓ, તેના પર થતા આંતર-બાહ્ય અન્યાય જેવાં અનેક વિષયોને તેમણે રજૂ કર્યાં છે. જેનાં કારણે એમનાં સ્ત્રીપાત્રો ગૂઢ સ્પંદનો, સંવેદનો, ગતિ-વિધિઓ અને મનોવેદનાઓ અનુભવે છે. પરિસ્થિતિ ગમે તેવી હોય પણ સ્ત્રીની બંધિયાર દશાની વાસ્તવિકતાનો ખ્યાલ આપીને તેમણે સ્ત્રીવિષયક વેદનાઓને વાચા આપી છે. જેના કારણે તેમની વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું આલેખન જોવા મળ્યું છે. વિવિધ ભાષાસાહિત્યનો ગહન અભ્યાસ અને સ્ત્રીજીવન પ્રત્યેનું સૂક્ષ્મ અવલોકન તેમની વાર્તાઓના નિર્માણમાં પ્રેરણારૂપ બન્યું છે.

વાર્તાકારનાં બધાં જ વાર્તાસંગ્રહોની કુલ ૧૦૪ વાર્તાઓમાંથી ૫૭ વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ જોવા મળ્યો છે. સ્ત્રીપાત્રોનો સંઘર્ષ કોની સાથે છે તે દર્શાવવા માટે તેનું વર્ગીકરણ

કરી વિસ્તૃત છણાવટ અહીં કરવામાં આવી છે. આ વર્ગીકરણમાં વાર્તાના સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષની દૃષ્ટિએ સ્ત્રીના સંઘર્ષને પ્રથમ પ્રાધાન્ય અપાયું છે. ત્યારબાદ અન્ય પાત્રોનો સ્ત્રીવિષયક સંઘર્ષ લેવામાં આવ્યો છે. જે વાર્તાઓમાં એક કરતાં વધુ સ્ત્રીપાત્રો છે ત્યાં મુખ્ય પાત્રના સંઘર્ષને પ્રથમ સ્થાન અપાયું છે. વાર્તાકારની વાર્તાકલામાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને કેન્દ્રમાં રાખી એક નવા દૃષ્ટિકોણથી મૂલવવાનો અહીં પ્રયત્ન કરાયો છે. આ માટે નીચે પ્રમાણે કુલ પાંચ જૂથ નક્કી કરવામાં આવ્યા છે. જે નીચે મુજબ છે.

- જૂથ – ૧ - સ્ત્રીનો સ્વ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- જૂથ – ૨ - સ્ત્રીનો પુરુષ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- જૂથ – ૩- સ્ત્રીનો સ્ત્રી સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- જૂથ – ૪ - સ્ત્રીનો સમાજ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- જૂથ – ૫ - સ્ત્રીનો અન્ય સાથેનો ભાવનાત્મક સંઘર્ષ

આ જૂથમાં વાર્તાઓની ગોઠવણી માટે સંઘર્ષની તીવ્રતા અને પ્રકાશનવર્ષને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. તીવ્રતા નક્કી કરવા માટે સંઘર્ષની અનુભૂતિ અને એની અસરોને ધ્યાનમાં રખાયાં છે. અહીં જે જૂથમાં સૌથી વધુ વાર્તાઓ મળે છે તેને અગ્રીમતા આપી છે. આ રીતે તમામ જૂથને ચઢતાથી ઊતરતા ક્રમમાં ગોઠવેલ છે.

## જૂથ ૧ - સ્ત્રીનો સ્વ સાથેનો સંઘર્ષ

કુન્દનિકા કાપડીઆનો પ્રથમ વાર્તાસંગ્રહ ઈ.સ. ૧૯૫૪માં અને અંતિમ વાર્તાસંગ્રહ ઈ.સ. ૧૯૯૦માં પ્રકાશિત થાય છે. ૩૪ વર્ષના દીર્ઘ સમયગાળામાં રહીને તેમણે કુલ પાંચ વાર્તાસંગ્રહો ગુજરાતી સાહિત્યને આપ્યા છે. એમની વાર્તાઓમાં મહદંશે સ્ત્રીપાત્રોનો સ્વસંઘર્ષ જોવા મળ્યો છે તેથી, અહીં તેને પ્રથમ ક્રમે મૂકવામાં આવ્યો છે. ઘણી વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનાં સ્વસંઘર્ષ સાથે આવતાં અન્ય

ગૌણ પ્રકારનાં સંઘર્ષ પણ જોવા મળે છે. અહીં સ્ત્રીનો સ્વસંઘર્ષ પ્રથમ ક્રમે અને ત્યારબાદ ગૌણસંઘર્ષની રજૂઆત થઈ છે. આ જૂથ દ્વારા વાર્તાઓમાં રહેલા સ્ત્રીના સ્વસંઘર્ષને ચકાસવાનો પ્રયત્ન કરેલ છે.

- 'પ્રેમનાં આંસુ' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

સુશીલા એ અનંતની પ્રથમ પત્ની છે. પાંચ વર્ષનો પુત્ર કિરણ એને ખૂબ વહાલો છે. હસતો રમતો કિરણ અચાનક જ અસાધ્ય માંદગીમાં સપડાય છે. નજર સામે જ સુશીલા કિરણને અપંગ બનતો જુએ છે. આ સ્થિતિમાં એનો સ્વ સાથેનો સંઘર્ષ ઉદ્દભવે છે. અપંગ પુત્રના ભાવિની ચિંતા સુશીલાને સતાવે છે. કિરણની અસહાયતા જોઈને એના ભાવવિશ્વમાં વિચારો ઉદ્દભવે છે. જેના કારણે એનો સંઘર્ષ વધતો જાય છે. તેની આંતરવ્યથા દર્શાવતાં આ વિધાનો જુઓઃ "સુશીલાના અંતરનો ઘા ઊંડો ને ઊંડો થતો ગયો... પવન સહેજ ધ્રૂજયો, હવા કંપી, ને જ્યોત બુઝાઈ ગઈ." (પૃ. ૬)

પુત્રની અસહાય સ્થિતિમાં સુશીલાનો સ્વ સાથેનો સંઘર્ષ નજરે પડે છે.

સરયુના બીજવર અનંત સાથે લગ્ન નક્કી થયા છે. તે ખુશ પણ છે. માત્ર એક જ વાત એને ખૂંચે છે કે અનંતને અપંગ પુત્ર છે. લગ્ન પછી એ બાળકની માતા બની જવાબદારી ઊઠાવવી પડશે એ વાત એને ડંખે છે. આ કારણે તે સ્વસંઘર્ષ અનુભવે છે. એના સંઘર્ષનું વર્ણન કરતાં વાર્તાકારે નોંધ્યું છે કેઃ "લગ્ન કરીને તરત જ આ બાળકની માતા બનવું પડશે એ વિચાર એના ઉલ્લાસને, એના નવયૌવનના સ્વપ્નોને... તે જાણે પોતે આયા તરીકે અનંતના ઘેર જતી હોય એવું લાગતું હતું." (પૃ. ૧)

મનમાં ઉદ્દભવતા કાલ્પનિક વિચારોમાં એનો સ્વ સંઘર્ષ ઘેરો બનતો રહે છે. તેની મનઃસ્થિતિ દર્શાવતાં આ વિધાનો જુઓઃ "એનાં કુમારી માનસમાં તો લગ્નજીવનની કેટલીય સોનેરી કલ્પનાઓ આલેખાતી હતી... જવાબદારી ન હોત તો કેટલું સારું થાત? એમ એને મનમાં સતત થયા જ કરતું." (પૃ. ૧૨)

અહીં અપંગ કિરણ વિશેના વિચારો, કલ્પનાઓ બંને નાયિકાઓ માટે સ્વસંઘર્ષનું કારણ બને છે.

- 'કરોળિયાનું ઘર' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

વૃદ્ધ અને બીમાર નાયિકા છે. પુત્રો દ્વારા હવે દરેક કાર્યમાં એની અવગણના થઈ રહી છે. પૌત્રીના જન્મદિનની ઉજવણીમાં બધાં જ મશગૂલ છે. બીમાર માની કોઈને પણ પરવા નથી. પોતે જેમનાં માટે જીવનમાં સહન કર્યું હતું એ જ બાળકોનો ઉપેક્ષાભર્યો વ્યવહાર નાયિકાને વ્યથિત કરે છે. જેને કારણે એનામાં સ્વસંઘર્ષ જન્મે છે. બારી બહાર કરોળિયાને જાળું બનાવતાં જુએ છે. આ જોઈને પોતાનો સંઘર્ષમય ભૂતકાળ યાદ આવે છે. આ સ્થિતિમાં એના મનમાં અનેક વિચારો જન્મે છે. જેમાં એનો સ્વસંઘર્ષ વધતો જાય છે. નાયિકાની મન:સ્થિતિ દર્શાવતાં આ વિધાનો જુઓ: "એના દિલમાં એક દર્દ ઉત્પન્ન થઈ આવ્યું... પણ એટલે જ એ હાસ્ય ડંખ બનીને એના દિલમાં વાગવા લાગ્યું." (પૃ. ૨૦)

અહીં પુત્રોની ઉપેક્ષાને કારણે ઉદ્દીપ્ત થતા વૃદ્ધ નાયિકાના સ્વસંઘર્ષનું આલેખન છે.

- 'અતૃપ્તિ' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

નિ:સંતાન મનોરમા સંતાનસુખને ઝંખે છે. રસોડાની બારી દ્વારા ભિખારી બાળક નંદુ સાથે વાત્સલ્યભાવ જાગે છે. ગૃહસ્થ પરિવાર એના અને નંદુના સંબંધોને ક્યારેય સ્વીકારશે નહિ તે વાતનો એને ખ્યાલ છે. રૂઢિગત અર્થવ્યવસ્થાને કારણે ભારતીય સમાજમાં ભેદભાવ જોવા મળે છે. અહીં મનોરમાની સાસુનું પાત્ર એ અર્થવ્યવસ્થાને અનુસરતું પ્રતિનિધિ પાત્ર છે. તે નંદુ સાથેના સંબંધો બાબતે મનોરમાને ટોકે છે. પોતે નંદુ માટે તલસે છે એ વાત મનોરમા કોઈને સમજાવી શકતી નથી. આ સ્થિતિમાં તે અસહાયતા સાથે મથામણ અનુભવે છે. જે એના સંઘર્ષનું કારણ બને છે. આ વિધાનોમાં એના સંઘર્ષની પ્રતીતિ થાય છે: "કોઈક અગમ્યને ઝંખતા એના સૂનાં હૃદયે.... એ વાત એ કોને સમજાવે?" (પૃ. ૫૪)

નંદુથી દૂર રહેવા તે અનિચ્છાએ બારી બંધ કરી દે છે. આ સ્થિતિમાં એનો સંઘર્ષ વધતો જાય છે. તેના સંઘર્ષનો ખ્યાલ આપતાં આ વિધાનો જુઓ: "શાક સમારતાં, દાળ બનાવતાં, રોટલી વણતાં તે પળે પળે નંદુના પગલાંની રાહ જોઈ રહી... ફડફડવા લાગ્યું. એની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં." (પૃ. ૫૫)

નંદુ બીમાર છે એમ જાણે છે ત્યારે હરઘડી એને નંદુની ચિંતા સતાવે છે. જેના કારણે તેનો સંઘર્ષ વધુ ઘેરો બનતો જોવા મળે છે.

- 'દાદાજી! ઓ દાદાજી!' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

જીદુનાથ અને કલ્યાણી વચ્ચે દાદા-પૌત્રીનો અતૂટ સ્નેહસંબંધ છે. સામાજિક વ્યવસ્થા, જીદુનાથની વૃદ્ધાવસ્થા અને પરિવારમાં અન્ય બીજું કોઈ ન હોવાના કારણે કલ્યાણીનાં લગ્ન અનિવાર્ય છે. કલ્યાણીનાં લગ્નની ઘટના વાર્તાના બંને પાત્રોમાં ભાવનાત્મક સંઘર્ષ ઉત્પન્ન કરે છે.

કલ્યાણીને પાલક પિતા જીદુનાથ પ્રત્યે અપાર પ્રેમ છે. ભારતીય સામાજિક વ્યવસ્થા મુજબ દીકરીને પરણાવવી જ પડે છે. સમાજવ્યવસ્થા અને દાદાજીની વૃદ્ધાવસ્થાના કારણે જે પરિસ્થિતી ઊભી થઈ છે તે એના સંઘર્ષનું કારણ બને છે. આ સ્થિતિમાં તે અસહાયતા અનુભવે છે. દાદાજીને છોડીને હંમેશ માટે જવું પડશે એ વાતથી તે સ્વસંઘર્ષ અનુભવે છે. લગ્નની ઘટનામાં એનો સંઘર્ષ ઘેરો બને છે. એના મનની વ્યથા આ વિધાનોમાં નિરૂપાઈ છે: "કલ્યાણીની આંખોમાંથી ધારા નીતરી રહી હતી... હવામાં ભળી જવા સિવાય બીજો કોઈ માર્ગ મળ્યો નહિ." (પૃ. ૮૬)

વાર્તાના અંતમાં ફળવાળા વૃદ્ધની મુલાકાત એના સંઘર્ષને વધુ તીવ્ર બનાવે છે. આ વાર્તામાં આરંભથી અંત સુધી કલ્યાણીનો સ્વસંઘર્ષ રજૂ થયેલો જોવા મળે છે.

કલ્યાણી હવે થોડા જ દિવસોની મહેમાન છે એ વાતથી જીદુનાથ પણ સ્વસંઘર્ષ અનુભવે છે. વાર્તાકારે સમગ્ર કથામાં એની વેદનાને પણ વહેતી રાખી છે. લગ્ન માટે ના પાડતી કલ્યાણીને જોઈ જીદુનાથ વ્યથિત થાય છે. તે વિચારે છે કે: "આ તે કેવી વાત! એ જિંદગી તદ્દન મુક્ત હતી... ઊડતાં વાદળોને આ કોણ ખેંચી ખેંચીને ધરતી પર લાવવા મથી રહ્યું છે?" (પૃ. ૮૪)

લગ્ન પછી કલ્યાણી વગર જીદુનાથ એકલતા અનુભવે છે. આ સ્થિતિમાં એનો સ્વસંઘર્ષ ઘેરો બનતો જોવા મળે છે. અહીં જીદુનાથની વ્યથા પણ વાર્તાને કરુણ બનાવે છે. જીદુનાથ અહીં એક લાગણીશીલ દાદાની વ્યથાને ઉજાગર કરતો જોવા મળે છે.

- ‘અંધકાર’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

સુચરિતા સૂરજ સામે પ્રેમનો પ્રસ્તાવ મૂકે છે. જેનો સૂરજ ઇન્કાર કરે છે ત્યારે તે ભાંગી પડે છે. આ સ્થિતિમાં એનો સ્વ સાથેનો સંઘર્ષ ઉદ્દભવે છે. એનો સંઘર્ષ આ વિધાનોમાં જોવા મળે છે: “સૂરજની રૂમમાંથી નીકળી ત્યારે મને થયું હતું.... આશા ભાંગીને કડડભૂસ કરતી જમીન પર પડી.” (પૃ. ૧૦૬)

પ્રેમભગ્નતાની સ્થિતિમાં તે શહેર છોડીને પિતા સાથે ગામ જતી રહે છે. પિતાના મૃત્યુ પછી એકલતાની સ્થિતિમાં તેનો સ્વસંઘર્ષ વધતો જાય છે. આ વિધાનોમાં એના સંઘર્ષની પ્રતીતિ થાય છે: “દિવસો પર દિવસો ને વર્ષો વીતી ગયાં... હવે કયો વધુ આઘાત ખમવા માટે તું જીવંત રાખશે?” (પૃ. ૧૦૭)

અહીં પ્રણયભગ્નતાને કારણે સ્વ સાથે સંઘર્ષ અનુભવતી સુચરિતા દૃશ્યમાન થાય છે.

- ‘યુદ્ધ...વિરામ....શાંતિ!’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

જાસ્મીનનો પતિ જેનસાન રાષ્ટ્રપ્રેમી યુવક છે. ચીન અને કોરિયા દેશો વચ્ચે જંગ છેડાતા તે યુદ્ધમાં જવાની તૈયારી દર્શાવે છે. પતિના યુદ્ધગમન પછી જાસ્મીનના સ્વ સાથેના સંઘર્ષની શરૂઆત થાય છે. પતિવિયોગની સ્થિતિમાં એનો સંઘર્ષ ઘેરો બનતો જાય છે. ક્યારેક યુદ્ધવિરામના સમાચાર તેને માટે સોનેરી આશાઓનાં કિરણો ફેલાવે છે. તો વળી ક્યારેક ફરીથી યુદ્ધની ભયાનકતા તેની પ્રણયોર્મિઓને અંધકારની ઊંડી ગર્તામાં લઈ જાય છે. જેનસાનની રાહ જોતી જાસ્મીનનો સંઘર્ષ આ વિધાનોમાં જોઈ શકાય છે: “જાસ્મીનની એ સમયની વેદનાને કોણ આલેખી શકે? દિવસો સુધી તે ઘરમાં બેસી રહી. ન તેણે ખેતરની સંભાળ લીધી... તુષાર બિંદુઓ ખરી પડ્યાં હતાં.” (પૃ. ૧૧૯)

સંધિકરારના દિવસે જ યુદ્ધમાં જેનસાન મૃત્યુ પામે છે. આ સ્થિતિમાં જાસ્મીનનો સંઘર્ષની તીવ્રતા સાથે જ વાર્તાનો અંત આવે છે.

- ‘એક રાતની વાત’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

બધી જ વાતોમાં નાયકની પત્ની પોતાનું ધાર્યું કરાવી લે છે. આ કારણે તે ક્રોધિત છે. કામવાળી બાઈ રાધાનું બાળક ખૂબ જ બીમાર હોવાથી તે આ જ અરસામાં ઘરે જવાની રજા માંગે છે. નાયકનો ક્રોધ જોઈને તે ઘરે જવાનું કારણ નાયકને જણાવી શકતી નથી. જેના કારણે નાયક તેની વ્યથા સમજી શકતો નથી. તે તેની માંગણી પ્રત્યે દુર્લક્ષ સેવે છે. આ કારણે રાધા સ્વસંઘર્ષ કરતી જોવા મળે છે. વાર્તાકારે નાયકના કથન દ્વારા રાધાની વ્યથાને રજૂ કરી છે. જે આ વિધાનોમાં વ્યક્ત થઈ છે: "તે ખૂબ શૂન્યમનસ્ક લાગતી હતી... તેણે મારી સામે પછી એકપણ વાર જોયું નહિ." (પૃ. ૬૯)

અહીં, આખી વાર્તામાં "સાહેબ, હું થોડી વાર ઘેર...." જેવાં અધૂરાં વાક્યમાં રાધાનો સ્વ સાથેનો સંઘર્ષ ઘેરો બનતો જોવા મળે છે. બીમાર બાળકની ચિંતામાં રાધા ઘરે જવા માટે મથે છે પરંતુ, તેને રજા મળતી નથી. અહીં એકદમ સામાન્ય લાગતા બનાવનું આલેખન છે. એની પાછળ રહેલી કરુણઘેરી સ્થિતિમાં રાધાનો પુરુષના કારણે ઉદ્દભવતો સ્વ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે.

બીમાર બાળકની ચિંતામાં ઘરે જવા મથતી રાધાની વેદના નાયક સમજી શકતો નથી. સમયસર પહોંચી ન શકવાને કારણે રાધાનું બાળક મૃત્યુ પામે છે. આ ઘટનામાં પોતાને રાધાનો ગુનેગાર સમજતો નાયક સ્વસંઘર્ષ અનુભવે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "જે વખતે મારા બાળકને બ્રિજ બનાવાઈ રહ્યો હતો... મેં જો મારી જાતને થોડીક પણ ખબર પડવા દીધી હોત! પણ હવે શું? (પૃ. ૭૦)

રાધાની માનસિક સ્થિતિ માટે નાયક પોતાને જ જવાબદાર માને છે. તે પ્રાયશ્ચિત કરવા ઇચ્છે છે પણ હવે ઘણું મોડું થઈ ગયું છે. આ સ્થિતિમાં નાયકનો તીવ્ર સંઘર્ષ નજરે પડે છે.

- 'સૂરજ ઊગશે' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

હરપળ મૃત્યુને ઝંખતી પ્રણયભગ્ન નાયિકા છે. જીવનનો અંત લાવવાની શોધમાં મંજિલ વગર તે રઝળી રહી છે. આ સ્થિતિ એના સ્વ સાથેનો સંઘર્ષને ઉજાગર કરે છે. પોતાની વાત રજૂ કરતાં તે કહે છે કે: "તમે જો એક સ્ત્રી હો, અને તમે પ્રેમ કર્યો હોય... આત્મહત્યા કરવાની મારામાં હિંમત નહોતી." (પૃ. ૧૪૬)

નાયિકાના સ્વકથનમાં એની વેદનાનું વર્ણન છે. જેમાં એનો સ્વસંઘર્ષ છતો થાય છે.

- ‘ચાર પત્રો’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

અદિતિને મુક્તિની તીવ્ર ઝંખના છે. આનંદમાં પૂર્ણમાનવનું સ્વરૂપ જોઈને તે એની તરફ ખેંચાય છે. લગ્નનાં દિવસે જ મળેલા આનંદના પત્રમાં સન્યાસના માર્ગે ચાલવાનું આહ્‌વાન છે. અદિતિ માટે આનંદનો સાથ એક ધ્રુવતારક સમાન છે. જે એના જીવનની દિશા બદલનારો છે. બીજી તરફ પતિ અનિરુદ્ધ છે જેને મેળવવાની ચાહ અદિતિને વર્ષોથી હતી. લગ્નના સમયે જ આનંદનો પત્ર મળતાં અદિતિને શું કરવું તે સમજાતું નથી. આ સ્થિતિમાં તે સ્વ સાથે સંઘર્ષ અનુભવે છે. આ વિધાનોમાં તે વ્યક્ત થાય છે: “દિવસના કોલાહલમાં હું એ ભૂલી જતી... વેદનાથી હૃદય ભરાઈ જતું.” (પૃ. ૧૬૯)

એક તરફ મુક્તિની અને બીજી તરફ અનિરુદ્ધને પતિ સ્વરૂપે પામવાની ઝંખના. આ બંને વચ્ચેની મથામણમાં રસ્તો શોધતી અદિતિનો સ્વ સંઘર્ષ અહીં જોવા મળે છે.

- ‘અસત્યનાં ચરમ બિંદુએ’ (કાગળની હોડી, ૧૯૭૮)

સુમિતાએ નાનપણથી મોટી બહેન અસીમાનાં જ વખાણ સાંભળ્યા છે. આ સ્થિતિમાં સુમિતાનું આત્મગૌરવ હણાય છે. જેના કારણે તે અસીમા પ્રત્યે મનોમન સંઘર્ષ અનુભવે છે. એની સંઘર્ષમય સ્થિતિ દર્શાવતાં વાર્તાકારે લખ્યું છે કે: “એ ભીડની વચ્ચે સાવ એકલી પડી જતી સુમિતાની આંખોમાં જંગલનું અંધારું ઊતરી આવતું.” (પૃ. ૧૮)

હંમેશા પોતાની ઉપેક્ષા થતી જોઈ સુમિતાનાં મનમાં અસીમા પ્રત્યે સંઘર્ષ જન્મે છે. અસીમા અંજનને ચાહે છે એ જાણીને સુમિતા સંઘર્ષમય સ્થિતિમાં અંજનને પોતાની તરફ આકર્ષે છે. બંનેનાં લગ્ન નક્કી થાય છે. પોતે ક્યારેય અંજનને ચાહ્યો નથી એ સત્ય સમજાતાં તે આવનારા ભવિષ્યની કલ્પના કરે છે. આ સ્થિતિમાં એનો સ્વ સાથેનો સંઘર્ષ તીવ્ર બનતો જોવા મળે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: “અંજન કાંઈ ખરાબ માણસ નહોતો, પણ.... આંખમાંથી આંસુ ઊભરાવા માંડ્યા.” (પૃ. ૨૧)

અહીં સુમિતાના સ્વ સાથેના સંઘર્ષનું આલેખન જોવા મળે છે.

- 'સાથ' (કાગળની હોડી, ૧૯૭૮)

દેરાણી અને જેઠાણી વચ્ચે મૈત્રીપૂર્ણ ગાઢ સ્નેહ છે. બંને એકબીજાનાં સુખદુઃખની અનુભૂતિમાં સાથે જ રહ્યા છે. દેરાણી સગર્ભા બને છે. હજી સુધી માતા ન બનેલી જેઠાણી એ અનુભૂતિમાં એને સાથ આપી શકતી નથી. ભયની વેદના દેરાણીએ એકલીએ જ વેઠવી પડે છે. આ સ્થિતિમાં જેઠાણી વગર એકલતા અનુભવતી દેરાણી સ્વ સાથે સંઘર્ષ અનુભવે છે. એના સંઘર્ષની સ્થિતિ દર્શાવતાં વાર્તાકાર લખે છે કે: "અને હવે તેની ને જેઠાણીની વચ્ચે એક નવી નદી ફૂટી નીકળી.... ઊજળી કેમ ન કરી મૂકી?" (પૃ. ૩૮)

અહીં સગર્ભાવસ્થાની અનુભૂતિઓ માત્ર ને માત્ર દેરાણીએ જ વેઠવી પડે છે. આ સ્થિતિમાં જેઠાણી એની સાથે નથી. જેઠાણીના સાથને ઝંખતી દેરાણીનો સ્વ સાથેનો સંઘર્ષ અહીં રજૂ થયો છે.

- 'સર્વનાશ' (કાગળની હોડી, ૧૯૭૮)

એક પત્નીમાં હોવી જોઈએ એવી પરિપક્વતા મધુરીમાં આવી નથી એવું નાયકને લાગે છે. તે મધુરીમાં રહેલી નબળાઈઓ દૂર કરીને એને હોંશિયાર બનાવી દેવાનો આગ્રહ રાખે છે. એને સુધારવાના પ્રયત્નોમાં નાયક દ્વારા મધુરીની ઇચ્છાઓનું દમન થતું જાય છે. કોઈ પણ વિરોધ વગર મધુરી પતિની ઇચ્છાઓ પ્રમાણે જ વર્તે છે. આ સ્થિતિમાં તે પતિના આધિપત્ય સામે મનોમન સંઘર્ષ કરતી જોવા મળે છે. પતિ પ્રત્યે ઉઠતા વિરોધને તે મનમાં જ દબાવી રાખતી જોવા મળે છે. એક સ્પ્રિંગની જેમ દબાતા જતા મનોસંઘર્ષને તે વ્યક્ત કરી શકતી નથી. વાર્તાના અંતમાં તે પોલીસની સામે મૃત્યુ સમયનું અંતિમ નિવેદન આપે છે. સમગ્ર વાર્તામાં કશું જ બોલ્યા વગર બધું જ સહન કરતી મધુરીનો સ્વ સાથેનો સંઘર્ષ અહીં વ્યક્ત થયો છે.

- 'બળતો બપોર' (કાગળની હોડી, ૧૯૭૮)

નાયિકાના ઘરે વર્ષો પછી મહેમાન આવવાનાં છે. એમને મળવાની એની અદમ્ય ઇચ્છા છે. એમનાં તરફથી પોતાની પ્રસંશાના થોડાં બોલ સાંભળવા તે ઉત્સુક છે. સવારથી જ એમનાં સ્વાગતની

તૈયારીઓ કરે છે. પોતાના તરફથી કોઈ કસર રહી ન જાય એની કાળજી લે છે. અચાનક સાસુની દવા લાવવાનું યાદ આવે છે. તે ભરબપોરે દવા લેવા માટે જાય છે. હરખઘેલી નાયિકાને સમયાંતરે મહેમાનોનાં જ વિચારો આવતા રહે છે. રસ્તામાં તે પડોશણ દ્વારા મહેમાન આવીને જતા રહ્યાનાં સમાચાર સાંભળે છે. આ સ્થિતિમાં તે સ્વસંઘર્ષ અનુભવે છે. એના સંઘર્ષની પ્રતીતિ આપણને નીચેના સંવાદમાં થાય છે:

"અલી તું ક્યાં ગઈ હતી? પાડોશણે તેને વિસ્મયથી પૂછ્યું.... 'આવી ગયાં?' તેણે ફાળ સાથે પૂછ્યું... 'અને જમવાનું?" તેણે નિરાશ થઈને પૂછ્યું.' (પૃ. ૧૩૩)

મહેમાનોને મળવાની તીવ્ર ઝંખના ધરાવતી નાયિકા કામની વ્યસ્તતાને કારણે તેમને મળી શકતી નથી. આ સ્થિતિમાં અહીં નાયિકાનો સ્વસંઘર્ષ આલેખાયો છે.

- 'તો?' (કાગળની હોડી, ૧૯૭૮)

બાંગ્લાદેશમાં ચાલેલી પાશવલીલાના માહોલમાં સુજાતા પરિવારથી વિખૂટી પડી ગઈ છે. અત્યાચારીઓ દ્વારા તેનો પતિ મૃત્યુ પામ્યો છે. બાળકોનું શું થયું તેની ખબર નથી. જીવ બચાવવા તે નાસી છૂટી છે. અત્યારે રાહત છાવણીમાં આવી પહોંચી છે. આ સ્થિતિમાં તે સ્વ સાથે સંઘર્ષ કરી રહી છે. એના વર્ણનમાં જ તેની સંઘર્ષમય સ્થિતિ જોવા મળે છે. જેમ કે: "ફિક્કું મોં, ઉદાસ, હંમેશા પાણીથી ભરેલી આંખો અને ઓળ્યા વગરના લુખ્ખા, ઊડ્યા કરતા વાળ.... તેની તેને પણ ખબર નહોતી." (પૃ. ૧૯૭)

રાહત છાવણીમાં બેઠેલી સુજાતા લગ્નજીવનનાં ભૂતકાળમાં સરી પડે છે. સુધીરના આધિપત્યની સામે પોતાની ઇચ્છાઓનું હંમેશા દમન થતું રહ્યું હતું. એનો સંઘર્ષ આ વિધાનોમાં વ્યક્ત થયો છે: "સુધીરથી પોતે હંમેશા દબાયેલી રહેતી... કંઈક વ્યર્થતાની, નિષ્પ્રયોજનતાની લાગણી સદૈવ રહેતી." (પૃ. ૨૦૬)

તે સમયમાં હવસખોર પુરુષોનો શિકાર બનેલી સ્ત્રીઓને સમાજ દ્વારા તરછોડાતી જોઈ તેનું હૃદય દ્રવી ઊઠે છે. એમનાં ગર્ભનો નિકાલ કરાવી તેમની મદદ કરવા તે તૈયાર થાય છે. પોતે પણ

કોઈકની હવસનો ભોગ બની છે. સુધીર સાથે બધી રીતે સુખી હોવાં છતાં જીવનનો અર્થ નહોતો મળ્યો. પુત્રીના નિર્વ્યાજ પ્રેમ માટે તે અત્યાર સુધી તલસતી હતી. તે શક્યતા હવે એની અંદર આવીને બેસી ગઈ છે. આ સ્થિતિમાં હવે જે સુખ મળવાની એને આશા છે એ જ હવે એની ભયંકર સમસ્યા બની જાય છે. વર્ષોથી જોયેલું મધુર સ્વપ્ન જ્યારે સાકાર થશે ત્યારે કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે? એ બાબતે વિચારતી સુજાતાનો સ્વસંઘર્ષ અંતમાં તીવ્ર થતો જોવા મળે છે.

- 'અવકાશ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

ઘરકામમાં કુશળ પૂર્વી પતિ અપૂર્વનાં પણ મોટાભાગનાં કામ સરળતાથી કરી આપે છે. આવી પત્ની મળવા બદલ અપૂર્વ ગર્વ અનુભવે છે. તે પૂર્વીને "કાર્યેષુ મંત્રી" અને "સેક્રેટરી" જેવા શબ્દો વડે બિરદાવે છે. અપૂર્વનાં આ શબ્દો પૂર્વીને ખૂંચે છે. આ કારણે તેનામાં સ્વસંઘર્ષ ઉદ્દીપ્ત થાય છે. ઘરમાં પોતાની ઓળખ અને સ્થાન શોધવા તે મથામણ કરે છે. તેના મનમાં ઉદ્દભવતા વિચારોમાં તેનો સંઘર્ષ ઘેરો બને છે. પૂર્વીની મન:સ્થિતિને વાર્તાકાર કંઈક આ રીતે વર્ણવે છે: "અને તે દિવસે તે રાતે તે એકલી પડી... મારા જીવનની સાર્થકતા મને કયા કામમાંથી મળવાની છે?" (પૃ. ૧૩)

જ્યારે તે દરિયાકિનારે જવા માટે નીકળે છે ત્યારની ક્ષણો એના માટે નિર્ણાયક બની રહે છે. પૂર્વીનાં આંતરજગતમાં ઊઠતા પ્રશ્નો તેનાં સ્વસંઘર્ષને છતો કરે છે. વાર્તાકાર પૂર્વીની આ સ્થિતિ વર્ણવતાં લખે છે કે: "તે ઘરનાં ઉંબર પર આવીને ઊભી રહી. એક પગ અંદર, એક બહાર.... સરી જાય તે પહેલાં અજવાળામાં બહાર નીકળી આવવું જોઈએ. પણ કેવી રીતે?" (પૃ. ૧૧)

ઘરમાં પોતાનું સ્થાન અને ઓળખને શોધવા મથતી પૂર્વીનો સ્વસંઘર્ષ અહીં જોવા મળે છે.

- 'અનુભૂતિનો એક ખંડ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયિકા બીમાર હોવાથી પથારીવશ છે. આ સ્થિતિમાં એને અસહ્ય તરસ લાગે છે. ડૉકટરે પાણી આપવાની ના કહી છે. પાણી વગર પોતે મૃત્યુ પામશે એમ તે અનુભવે છે. બીમારીની અસહાયતાની સ્થિતિમાં તે સ્વસંઘર્ષ અનુભવે છે. જેના માટે આખી જિંદગી દુ:ખ સહન કર્યું હતું તે

સ્વજનો આશ્વાસન આપે છે પણ પાણી આપતાં નથી. આ કારણે મનમાં ઉદ્દીપ્ત થતાં વિચારોમાં એનો સંઘર્ષ વધે છે. ગંભીર માંદગીની સ્થિતિમાં એનાથી કશું જ થઈ શકતું નથી. તેની અસહાય અવસ્થા વર્ણવતાં વાર્તાકારે લખ્યું છે કે: "ફરી ગળું સુકાવા લાગ્યું....પાણી...ઓહ પાણી!" (પૃ. ૨૬)

પાણીનાં એક ટીપાં માટે તરફડીયાં મારતી બીમાર નાયિકાનો સ્વસંઘર્ષ અહીં જોવા મળે છે.

- 'સૂર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

દીપન થોડા દિવસો પહેલાં જ મૃત્યુ પામ્યો છે. ધોધમાર વરસતો વરસાદ જોઈને નાયિકાને એનું સ્મરણ થાય છે. આ સ્થિતિમાં એની યાદ તાજી થતાં નાયિકા સ્વસંઘર્ષ અનુભવે છે. મૃત્યુ પછી પણ દીપન આસપાસ જ છે તેવા ભણકારા નાયિકાને થયા કરે છે. જેના કારણે એનો સંઘર્ષ ઘેરો બને છે. એની સંઘર્ષમય સ્થિતિ આ વિધાનોમાં જોવા મળે છે: "શરૂ શરૂમાં તો રાતે ઘણીવાર ઝબકીને જાગી જતી. ભય લાગતો... પછી ખબર પડતી કે એ તો અમસ્તું. ખાલી આભાસ." (પૃ. ૧૧૨)

ભીંજાઈ ગયેલો અજાણ્યો પુરુષ ઘરે આવ્યો છે એવો ભાસ એને ઉત્તેજિત કરી મૂકે છે. આ સ્થિતિમાં એનો સંઘર્ષ તીવ્ર બનતો જોવાય છે. પતિની યાદને કારણે અનુભવાતા કાલ્પનિક ભાસમાં એની સંઘર્ષમય સ્થિતિ જોવા મળે છે.

- 'દિવાળીના દીવા' (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયિકા નિવૃત્ત શિક્ષિકા છે. વ્યવસાય દરમ્યાન દર દિવાળીએ બાળકો મળવા આવતાં. એમનાં આવવાથી તેને અલૌકિક આનંદનો અનુભવ થતો. નિવૃત્તિનાં સમયગાળામાં હવે બાળકો આવતા બંધ થયા છે. વૃદ્ધાવસ્થાની આ સ્થિતિમાં તે એકલતા અને ખાલીપો અનુભવે છે. જેના કારણે તે સ્વસંઘર્ષ અનુભવે છે. તેની સંઘર્ષમય સ્થિતિ આ વિધાનોમાં જોવા મળે છે: "ઘરમાં ધીરે ધીરે જે ખાલીપણું વિસ્તરવા લાગ્યું હતું.... એ ક્યાંક કશુંક ખાલી થઈ ગયું હોવાની નિશાની છે." (પૃ. ૧૪૭)

છેલ્લાં ત્રણ વર્ષથી એને કોઈ જ મળવા આવ્યું નહોતું. ક્યારેક તો એને મળવા કોઈક જરૂર આવશે એવી આશાએ તે દર દિવાળીએ ઘર સજાવતી રહે છે. આ વર્ષે પણ બાળકોનાં આવવાની રાહ

જોતી વૃદ્ધ નાયિકા કોઈ ન આવતાં સંઘર્ષ અનુભવે છે. જે આ વિધાનોમાં વ્યક્ત થયો છે: "ચંપાની ડાળથી અડધી ઢંકાઈ જતી બારીની પાળી પર તેણે.... ઉદાસ વિચારોમાં ડૂબેલી તે દૂર સુધી ચાલતી રહી." (પૃ. ૧૪૯)

આખું જીવન બાળકો સાથે વ્યતિત કરનાર નાયિકા હવે વૃદ્ધાવસ્થામાં એકલતા અનુભવે છે. જેના કારણે તેનો સ્વસંઘર્ષ જોવા મળે છે.

- 'ઓછાયો' (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયિકા સતી, શિલ્પકાર મિત્ર તુહીન સાથે ગેલેરીમાં મૂર્તિઓ જોવા જાય છે. ઉપરના માળે કોઈક ઝગડતું હોવાથી તે ત્યાં જાય છે. ત્યાં તે બીમાર અને અશક્ત વિતાનને જુએ છે. વિતાન સાથે ભૂતકાળમાં ક્યારેક તેણે નૃત્ય કર્યું હતું. સતી એને ઓળખે છે એમ સમજાતાં વિતાન સાથે રહેલી સ્ત્રી એને સતીના ભરોસે સોંપી ત્યાંથી જતી રહે છે. આ સ્થિતિમાં વિતાનની દયનીય દશા જોઈને તે સ્વસંઘર્ષ અનુભવતી જોવા મળે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "તુહીન પાસે પહોંચતાં જ સતી એકદમ છેલ્લા પગથિયા પર બેસી પડી... મારે કંઈક કરવું તો જોઈએ જ. કંઈક તો કરવું જોઈએ." (પૃ. ૧૬૯)

વિતાનમાં રહેલી ક્રૂરતા તુહીન પારખી લે છે. તે સતીને વિતાનને છોડી દેવા સમજાવે છે. અસહાય હાલતમાં વિતાનને છોડવું એને યોગ્ય જણાતું નથી. આ સ્થિતિમાં તેનો સ્વસંઘર્ષ ઘેરો બને છે. એનો સ્વ સંઘર્ષ નિરૂપતાં વાર્તાકારે લખ્યું છે કે: "સતી દાદરના છેલ્લા પગથિયા પર સાવ ઢગલો થઈને ફરી બેસી પડી હતી... એને સંભાળવાની ફરજ મારી ખરી કે નહિ?" (પૃ.૧૭૦)

અહીં, વિતાનની અસહાયતા જોઈને તેને મદદ કરવા ઇચ્છતી સતી સ્વ સાથે સંઘર્ષ અનુભવે છે.

- 'હું પુકારું તો, સાંભળશે કોણ?' (જવા દઈશું તમને, ૧૯૮૩)

મીના લોકસેવા અર્થે દર રવિવારે નજીકના ગામમાં જાય છે. એક દિવસ તે પતિ સીતાંશુ અને મિત્રો સાથે નજીક આવેલા ડુંગર પરના મંદિરે જવાનું ગોઠવે છે. ડુંગર પરની એક રળિયામણી જગ્યા જોઈ તે દીકરી સીના સાથે ત્યાં જ રોકાઈ જાય છે. ત્યાંનાં પ્રકૃતિસૌંદર્ય અને નીરવ એકાંતથી તે પરમ શાંતિનો અનુભવ કરે છે. આ સ્થિતિમાં તે વિચારોમાં ખોવાય છે. અચાનક સમયનું ભાન થતાં જ

તેને અન્ય સાથીદારો યાદ આવે છે. તે હજી સુધી મંદિરેથી કેમ પરત ન ફર્યા? એ વિચારે તે સ્વસંઘર્ષ અનુભવે છે. એની સંઘર્ષમય સ્થિતિનું આલેખન વાર્તાકારે નીચેનાં વાક્યોમાં કરી આપ્યું છે: "મીનાએ ઘડિયાળ ભણી જોયું; અને એકીવારે આખીયે સૃષ્ટિ ભાંગી ગઈ.... આ લોકો હજી આવ્યા કેમ નહિ?"(પૃ. ૨૦૧)

સમય પસાર થતો જાય છે. પતિ અને સાથીદારો જોવાતા નથી. તે સીના સાથે મંદિર તરફ જંગલના રસ્તે આગળ વધે છે. જંગલમાં ભૂલાં પડ્યાં છે એવો ભાસ થતાં એનો સ્વસંઘર્ષ તીવ્ર બને છે. અહીં જે જંગલની પ્રકૃતિમાં થોડી ક્ષણો પહેલાં એ પરમ શાંતિનો અનુભવ કરે છે એ જ હવે તેને બિહામણી લાગે છે. આ સ્થિતિમાં તે સ્વ સાથે સંઘર્ષ કરતી જોવા મળે છે.

- 'એક પત્ર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

પતિના અણધાર્યા મૃત્યુથી નાયિકા સંઘર્ષમય સ્થિતિમાં છે. તે સ્વર્ગવાસી પતિને પત્ર લખે છે. નાની વયે જ પતિનું મૃત્યુ થવાથી બધી જ જવાબદારી હવે એના પર આવી છે. પતિની હૂંફ વિનાનું જીવન એને અકળાવી નાંખે છે. એકલતાનાં કારણે એનો સ્વ સાથેનો સંઘર્ષ ઉદ્દીપ્ત થાય છે. આ સ્થિતિમાં એના મનમાં ઉદ્દભવતા વિચારોમાં એ સંઘર્ષ વધુ ઘેરો બનતો જાય છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "શું ગુમાઈ ગયું હતું, એનું ભાન હવે વધુ ને વધુ ઊંડું થવા લાગ્યું. હવે હું એકલી... એકલતાના આ બોજ તળે, જવાબદારીઓના આ પહાડ તળે." (પૃ. ૨૧૧)

અહીં, પતિ વગરનાં જીવનમાં નાયિકાની સંઘર્ષમય સ્થિતિનો ચિતાર જોવા મળે છે.

- 'દરિયાની સાક્ષીએ' (મનુષ્ય થવું, ૧૯૯૦)

ભારતીય સમાજે બનાવેલાં નિયમો અનુસાર પરણ્યા પછી દીકરીએ જ પિયરનું ઘર છોડવું પડે છે. જે ઘરમાં એ નાનપણથી લઈને મોટી થઈ છે એ બધાં જ સ્વજનોનો ત્યાગ પણ સ્ત્રીએ જ કરવો પડે છે. આવા જડ નિયમોને આધીન થઈ ક્યારેક અનિચ્છાએ પણ સ્ત્રીને પિયરનું ઘર છોડવું પડે છે. અહીં બેલા પણ આવી જ સ્થિતિમાંથી પસાર થનાર સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરતું પાત્ર છે. નીરવને ચાહતી બેલા એની સાથે લગ્ન કરવા ઇચ્છે છે. આ સમયે એને માનું સ્મરણ થાય છે. જેણે જીવનની વિષમ

પરિસ્થિતિમાં પણ એને ભણાવી ગણાવીને લાયક બનાવી છે. પિતા તો નાનપણમાં જ તેને નિરાધાર છોડીને જતા રહ્યા હતા. ત્યારબાદ એની મા એનાં માટે જ જીવી છે. નીરવ સાથે લગ્ન કરવાથી એને સદાયને માટે માતાને છોડવી પડશે. એ સ્થિતિ મા માટે કેટલી કપરી સાબિત થશે તે બેલા જાણે છે.

નીરવને પરણ્યા પછી માતાને છોડીને જવું પડશે એ વિચારે બેલા વ્યાકુળ બને છે. બેલા મનોમન પોતાની સાથે જ દલીલ કરતાં કહે છે કે: "છોકરી ને જ શા માટે મા-બાપ છોડીને જવાનું કહેવામાં આવે છે?... પુરાણો પર જીવતા આ દેશમાં લખી શકાય પણ નહિ." (પૃ. ૧૬)

ભારતીય સમાજે બનાવેલા સ્ત્રીની સ્વતંત્રતા વિરોધી નિયમોને કારણે તે સંઘર્ષ અનુભવતી જોવા મળે છે. તે જીવનના એ વળાંક પર આવી છે જ્યાં એક તરફ એનો પ્રેમ નીરવ છે અને બીજી તરફ એની પ્રેમાળ મા. આ બંને વ્યક્તિઓને છોડવું એના માટે મુશ્કેલ છે. આ સ્થિતિમાં હવે શું કરવું એ એને સમજાતું નથી. એનાં માનસપટ પર ચાલતી મથામણમાં એનો સંઘર્ષ ઘેરો બને છે. એની સંઘર્ષમય સ્થિતિને વર્ણવતાં વાર્તાકાર લખે છે કે: "તેને લાગ્યું, પોતે તળેટીમાં ઊભી છે, અને બે બાજુ બે શિખર છે. બેઉ પર સાથે ચડવાનું તો શક્ય નથી. તો શું કરવું?.... આવી સ્થિતિમાં હોત તો તે શું કરત?" (પૃ. ૧૬)

જીવનમાં પ્રેમી અને માતા આ બંનેને ઝંખતી બેલાનો સ્વ સાથેનો સંઘર્ષ અહીં જોવા મળે છે.

- 'આ ઉંમરે એકલી?' (મનુષ્ય થવું, ૧૯૯૦)

પ્રૌઢાવસ્થામાં પહોંચેલી ઉષા પરિવાર દ્વારા ઉપેક્ષા થતી અનુભવે છે. પુત્ર અને પુત્રવધૂના આવા વર્તનને કારણે તે સ્વ સાથે સંઘર્ષ અનુભવે છે. આ સ્થિતિમાં એના મનમાં વિચારો ઉદ્દભવે છે. જેના કારણે એનો સંઘર્ષ પોષાય છે. આ વિધાનમાં તે જોવા મળે છે: "માજી!' આ એક શબ્દમાં કેટલું બધું આવી જતું હતું.... એની પાછળ રહેલું છે, તે શું છે તે કોઈ પૂછે નહિ." (પૃ. ૩૩)

પુત્ર અને પુત્રવધૂના વર્તનને કારણે ઉષા એમની ઇચ્છા મુજબ રહેવા મજબૂર બને છે. આ બાબતે તે કહે છે કે: "સાથે જમવાં બેઠાં હોય અને... ધ્રાસકો પડતો કે હમણાં કંઈક વાગે એવું બોલશે." (પૃ. ૩૨)

વૃદ્ધાવસ્થાની નજીક પહોંચેલી ઉષા પુત્ર અને પુત્રવધૂના ઉપેક્ષાભર્યાં વર્તનને કારણે સ્વસંઘર્ષ અનુભવતી જોવા મળે છે.

- 'ઢોળાયેલી સુગંધ' (મનુષ્ય થવું, ૧૯૯૦)

અવૈધ સંબંધના કારણે જન્મેલી દીકરી પલ્લીને નાયિકા અનાથાશ્રમમાં મૂકી દે છે. પલ્લીને નજર સમક્ષ રાખીને ઉછેરી શકાય એ માટે તે એ જ અનાથાશ્રમમાં નોકરી મેળવે છે. શિરીષ સાથે લગ્ન કરે છે. પોતાને દીકરી છે આ વાત શિરીષથી પણ છાની રાખી છે. પોતાની એક ભૂલના કારણે તે પલ્લીનું ભવિષ્ય અંધકારમય જુએ છે. એનાં મનમાં ઊઠતાં વિચારોમાં એનો સ્વસંઘર્ષ ઉદ્દભવે છે. ત્રણ વર્ષ પછી અચાનક એક નિ:સંતાન એન.આર.આઈ દંપતી પલ્લીને જ દત્તક લેવા તૈયાર થાય છે. આ સ્થિતિમાં એનો સંઘર્ષ ઘેરો બને છે. દંપતીને અન્ય બાળક પસંદ કરવા સમજાવવાના ઘણાં પ્રયત્નો કરે છે પરંતુ તે નિરર્થક સાબિત થાય છે. વ્હાલસોયી દીકરીને કાયમ માટે છોડવાનો અને અજાણ્યા હાથમાં સોંપવાનો હવે સમય આવ્યો છે.

આ સ્થિતિમાં એનો સ્વસંઘર્ષ તીવ્ર બને છે. તેની સંઘર્ષમય સ્થિતિ દર્શાવતાં વાર્તાકાર લખે છે કે: "ધ્રુજતા પગલે તેણે ઑફિસમાં પ્રવેશ કર્યો. બધાં આવી ગયાં હતાં. તેની જ વાટ જોતાં હતાં... ઓચિંતાની જ તેની આંખો છલકી પડી." (પૃ. ૩૯)

માતૃહૃદયની વ્યથાના કારણે નાયિકાનો સ્વ સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- 'ફ્લાવરવેલી' (મનુષ્ય થવું, ૧૯૯૦)

સદીઓથી ચાલી આવેલી ભારતીય પરંપરા અનુસાર આપણો સમાજ હંમેશા પુરુષનું જ પ્રતિનિધિત્વ કરતો આવ્યો છે. એને કોઈપણ જાતનાં બંધનો લાગુ પડતાં નથી. લગ્ન માટે પણ પુરુષને

ગમે એવું જ વર્તન સ્ત્રીએ કરવું પડે છે. જો એમ ન થાય તો પુરુષ એવી સ્ત્રીને પસંદ કરતો નથી. સ્ત્રીના મુક્ત વિચારોને સમાજ માન્ય ગણતો નથી. સ્ત્રી માટે તો વિવિધ નિયમોરૂપી બેડીઓ જ અમલમાં છે. જેના કારણે સ્ત્રીને જીવનમાં ઘણું સહન કરવું પડે છે. આવા બંધનોમાં એની ઇચ્છાઓનું દમન થતું રહે છે.

લેખા સ્ત્રીઓ માટે બનાવેલાં આવા નિયમોની વિરોધી છે. કોઈના બંધનમાં રહેવું તેને ગમતું નથી. લેખા હવે લગ્નની ઉંમરે પહોંચી છે. તે મુક્ત વિચારોની હોવાથી છોકરાઓ તેને લગ્ન માટે યોગ્ય ગણતા નથી. પોતાની ઇચ્છા ન હોવાં છતાં એને સમાજનાં નિયમોને અનુસરવાં પડે છે. અસહાયતાની સ્થિતિમાં તેનાં મનમાં વિચારો ઉદ્દભવે છે. આ સ્થિતિમાં એનો સ્વ સાથેનો મનોસંઘર્ષ ઉદ્દીપ્ત થાય છે. લેખાની મન:સ્થિતિ આ વિધાનોમાં જોવા મળે છે કે: "અરીસા સામે તૈયાર થતાં તે વિચારી રહી: આ વખતે બધું પાર ઊતરશે?... કંઈ કંઈ કરવાની મહેચ્છા ધરાવતી વ્યક્તિની જરૂર નહોતી?" (પૃ. ૫૮) સ્વતંત્ર વિચારો ધરાવતી લેખાને અનિચ્છાએ જ સમાજનાં નિયમો મુજબ વર્તવું પડે છે.

લેખાનો અહીં પુરુષપ્રધાન સમાજના નિયમો સામે સંઘર્ષ સ્પષ્ટ જોઈ શકાય છે. હંમેશા પુરુષની સામે સ્ત્રીઓએ જ કેમ સમર્પણ કરવાનું? આવા વિચારો તેનાં હૃદય પર વજ્રાઘાત કરે છે. તે મનોમન બોલી ઊઠે છે કે: "જે છોકરો જોવા આવવાનો હતો, એને એનાં માબાપે, ભાઈઓએ શું પહેરવું ને શું નહિ એની સૂચનાઓ આપી હશે?.... તે કેમ શરતો નહોતી મૂકતી?" (પૃ. ૫૮)

અહીં લેખા સમાજના રૂઢિચુસ્ત નિયમોનો સખત વિરોધ દર્શાવી સ્વસંઘર્ષ અનુભવે છે.

- 'આગળ શું આવશે?' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

નાયિકા ટ્રેનમાં મુસાફરી કરી રહી છે. એ જ ડબ્બામાં એક નાની બાળકી અને એની બીમાર માતા મુસાફરી કરી રહ્યાં છે. બાળકીની માતા ક્ષણે ક્ષણે મૃત્યુની નજીક જઈ રહી છે. માસૂમ બાળકી માતાની સ્થિતિ વિશે બિલકુલ અજાણ છે. ગાડીમાંથી બહારનાં પ્રકૃતિમય દૃશ્યો જોવામાં જ તે ગુલતાન છે. જિજ્ઞાસાને કારણે તે સમયાંતરે 'આગળ શું આવશે?' એવો પ્રશ્ન પૂછતી રહે છે.

એકબાજુ નિર્દોષતાથી છલકાતી બાળકી અને બીજી બાજુ હર પળે મૃત્યુની નજીક સરતી જતી એની મા. આ સ્થિતિમાં નાયિકા બાળકીના ભાવિ વિશે ચિંતિત બને છે. આ કારણે તેનામાં સ્વસંઘર્ષ જન્મે છે. એની સંઘર્ષમય સ્થિતિ આ વિધાનોમાં જોવા મળે છે: "મારા હૃદયનાં ધબકારા વધી ગયા. શું કરવું તેની સમજ પડી નહિ... આજ સુધી તેણે કદી ન નિહાળેલું અપૂર્વ દૃશ્ય નિહાળી રહી હતી." (પૃ. ૧૩૭)

માતા વગરનું જીવન કેવું હોય છે તે હકીકતથી બાળકી બિલકુલ અજાણ છે. આ સ્થિતિમાં એની માતાને મૃત્યુની સમીપ જતી જોઈને તેની જિંદગીમાં આગળ શું આવશે? એ વિચારમાત્રથી નાયિકા વ્યથિત બને છે. એના હૃદયની વ્યથા અને સંઘર્ષનું સુંદર નિરૂપણ અહીં જોઈ શકાય છે.

- 'તારાછાયી રાત' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

સુમા પ્રવાસ દરમ્યાન કૉલેજકાળની સખી અલકાને મળે છે. અલકા તેને પોતાના ભૂતકાળ વિશે જણાવે છે. અલકા અને વિનય એકબીજાને ચાહતા હતાં અને લગ્ન પણ કરવાના હતાં. એ સમયે એના ગામમાં કૉલેરાનો રોગ ફાટી નીકળે છે. સેવાભાવી અલકા લોકોની મદદ અને સેવા કરવા માટે ત્યાં જવાની તૈયારી બતાવે છે. આ બાબતે વિનય તેને સાથ આપતો નથી. એનો નકારાત્મક જવાબ સાંભળીને અલકા સ્વસંઘર્ષ અનુભવે છે. નીચેના સંવાદમાં તેનો સંઘર્ષ જોવા મળે છે.

વિનય એને કહે છે કે: "ત્યાં ગયા પછી તને કાંઈ થઈ ગયું તો હું શું કરીશ?"

ત્યારે અલકા કહે છે કે: "આપણે સાથે જીવન મૃત્યુના કોલ દીધા છે, તો... વિનય, તું પણ ચાલ તો મારી સાથે!".... એનાથી હું ચોંકી ગઈ. (પૃ. ૧૪૬)

જીવન-મૃત્યુમાં સાથે રહેવાના બંનેએ કોલ આપ્યા હતા. વિનયનો જવાબ સાંભળીને અલકાનું હૃદય વ્યથિત બને છે. આ ટૂંકા સંવાદમાં તેનો સ્વસંઘર્ષ જોવા મળે છે.

- 'વંચિત કરીને...!' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

પાર્વતી એના પતિ અને પરિવાર સાથે સુખી જીવન જીવે છે. પિયરનું ઘર હવે વેચવાનું હોવાથી તે પરિવાર સાથે ત્યાં થોડા દિવસ રહેવા માટે જઈ રહી છે. મુસાફરી દરમ્યાન તે ભૂતકાળમાં સરી પડે છે. બાળસખા અમરની યાદ તાજી થાય છે. તેને પામવાના પાર્વતીને કોડ હતા. તે પૂર્ણ ન થતાં એને ન પામ્યાનો અસંતોષ એને હજી સુધી ડંખી રહ્યો છે. આ કારણે તે મનોમન સ્વસંઘર્ષ અનુભવે છે. જે આ વિધાનમાં જોઈ શકાય છે: "પણ તે અમર સાથે પરણી હોત તો વધારે સુખી ન હોત?" (પૃ. ૧૬૫)

નાનપણમાં જે વ્યક્તિને ચાહ્યો હતો તે ન મળવાથી અને હવે એકવાર મળી લેવાની આશા સાથે પાર્વતીનો સ્વ સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- 'માધવ અને કુસુમી' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

વાર્તામાં કુસુમીનું પાત્ર માત્ર થોડીવાર માટે જ આવે છે. સ્ત્રીસંઘર્ષની દૃષ્ટિએ તે પોતાની આગવી છાપ છોડી જાય છે. માધવ અને કુસુમીનાં યુવાન હૈયા એકબીજાને ચાહે છે. માધવ ગરીબ ઘરનો અને કુસુમી ગામની બજારના સૌથી મોટા વેપારી મગનશાની દીકરી છે. અહીં ભારતીય સમાજવ્યવસ્થામાં વ્યાપેલી આર્થિક અસમાનતા તેમને વિખૂટા પાડવાનું કારણ બને છે.

કુસુમીનું લગ્ન અન્ય વ્યક્તિ સાથે થાય છે. વિદાય પ્રસંગે અચાનક નદીમાં પૂર આવે છે. નદીના ધસમસતા પ્રવાહમાં તણાતી કુસુમીને બચાવવા માધવ પાણીમાં કૂદી પડે છે. આ સ્થિતિમાં તેનો માધવ પ્રત્યેનો પ્રેમ ફરી એકવાર જાગૃત થઈ જાય છે. માધવ સાથે જિંદગી વિતાવવાનો એક મોકો કુદરતે આપ્યો હોય તેમ એને લાગે છે. સંઘર્ષમય સ્થિતિમાં તે માધવને આજીજી કરતી બોલી ઊઠે છે: "માધવ! મને દૂર સુધી લઈ જા... વહેણમાં ચાલ થોડે સુધી વહી જઈએ-પછી બહાર નીકળી જઈશું." (પૃ. ૪૨)

ઉપરોક્ત વાક્યોમાં કુસુમીની મનોવ્યથા આપણને જોવા મળે છે. મરજી વિરુદ્ધ થયેલા લગ્નથી તે ખુશ નથી તે જોઈ શકાય છે. સામાજિક અર્થવ્યવસ્થાના કારણે મરજી વિરુદ્ધ થતા લગ્નમાં એનો સ્વસંઘર્ષ અહીં જોઈ શકાય છે.

- 'વિદાય' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

કવિતા સંમેલન માટે શહેરમાં ગયેલ મનમોહન પિતાના કહેવાથી હરિકાકાને મળવા જાય છે. ત્યાં તેની મુલાકાત ગોપિકા સાથે થાય છે. જે હરિકાકાની દીકરી છે. તે કાવ્યરસિક યુવતી છે. કાવ્યમાં જ પોતાની મુક્તિ સમજે છે. મનમોહનની કવિતાઓ એને મોહી લે છે. નજીકનાં સમયમાં જ એનાં લગ્ન હોવાથી મનમોહન ત્યાં રોકાય છે. સરખી રુચિ ધરાવતા મનમોહન અને ગોપિકા એકબીજાને ચાહવા લાગે છે. ગોપિકા હવે મનમોહનને ઝંખે છે. અન્ય સાથે લગ્ન નક્કી થઈ ગયા હોવાથી સમાજની બીકે તે કશું જ કરી શકતી નથી. આ સ્થિતિ એના સ્વસંઘર્ષને ઉદ્દીપ્ત કરે છે.

મનમોહન દ્વારા ઉચ્ચારાયેલા આ વિધાનોમાં ગોપિકાની સંઘર્ષમય સ્થિતિ જોવા મળે છે: "થોડીવાર તે મૌન રહી, પછી તે મૃદુ કંઠે બોલવા લાગી... એક હાથ તે પોતાનાં હાથમાં લઈ તે બોલી: "તમે એક વર્ષ પહેલાં કેમ ન આવ્યા?" (પૃ. ૮૨)

કવિ મનમોહનને ન પામી શકવાની સ્થિતિમાં ગોપિકા સ્વસંઘર્ષ અનુભવતી જોવા મળે છે. ગોપિકા પોતાને ચાહે છે તે વાતનો અહેસાસ મનમોહનને થાય છે. પોતે પણ એને ચાહે છે. ગોપિકાના લગ્ન હવે નજીક છે. આ સ્થિતિમાં તેનું દર્દ તે સમજી શકે છે. તેની મન:સ્થિતિ જોઈને મનમોહન પણ વ્યાકુળ બની ઊઠે છે. ગોપિકાને જોઈને વ્યથિત થતા મનમોહનનો પણ અહીં સંઘર્ષ જોઈ શકાય છે. વાર્તાકારે મનમોહનની વ્યથા દર્શાવતાં લખ્યું છે કે: "એક પળ એમ થઈ ગયું... મારા હૃદયને એકાકાર કરી દઉં." (પૃ. ૮૧)

અહીં ગોપિકાની વેદનાને સમજતા મનમોહનના સંઘર્ષનું આલેખન પણ જોવા મળે છે.

- 'કોઈક દિવસ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

બાળનાયક આશિષના દાદાજી મૃત્યુ પામ્યા છે. આ ઘટના બાદ એના બાળમનમાં મૃત્યુવિષયક પ્રશ્નો ઉદ્દભવે છે. દાદાજી ક્યાં ગયા છે? જેવા પ્રશ્નોનાં જવાબમાં માતાપિતા તેને 'કોઈક દિવસ' સમજાશે તેવો પ્રત્યુત્તર આપતા રહે છે. પ્રશ્નોનાં જવાબ મેળવવાની મથામણમાં તે ખૂબ જ બીમાર પડે છે. આ સ્થિતિમાં બાળકને મૃત્યુની સમીપે જતો જોઈને તેની મા સ્વસંઘર્ષ અનુભવે છે. આ નાનકડા સંવાદમાં એની માતાની સંઘર્ષમય સ્થિતિનું આલેખન કરેલું જોવા મળે છે: "અચાનક તેને યાદ આવ્યું કે... મા તેની પાસે જ હતી. "શું બેટા?"

"મા, મને આજે નવાં કપડાં પહેરાવીશ. મા?"... માની આંખો ટપ ટપ કરતી ચૂઈ પડી." (પૃ. ૧૬૧)

અહીં પુત્રને મરણપથારીમાં જોઈ સ્વસંઘર્ષ અનુભવતી માતા જોઈ શકાય છે.

- 'વધુ ને વધુ સુંદર' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

પુત્ર દીપ અને પુત્રવધૂ વાસવીના સુખી દાંપત્યજીવનને પુષ્પા જુએ છે. આ જોઈને એને ભૂતકાળ યાદ આવે છે. પતિ સાથે વિતાવેલું જીવન ફરીથી એની સામે તરવરી રહે છે.

પુષ્પાને સ્વતંત્ર રહેવું ગમે છે. અનિલ એની બીમાર માને ઘરે લઈ આવે છે. સાસુના આવવાથી તે બંધન અનુભવે છે. એની સ્વતંત્રતા હણાય છે. જે એનામાં સ્વસંઘર્ષની સ્થિતિને ઉદ્દીપ્ત કરે છે. આ સંદર્ભે તે અનિલને કશું કહી શકતી નથી. બીમાર સાસુને જોઈને તે મનોમન સંઘર્ષ અનુભવે છે. એનો સંઘર્ષ આ વિધાનોમાં વ્યક્ત થયો છે: "નાનકડાં એ ઘરમાં મુખ્ય ખંડમાં જ સાસુની પથારી પાથરેલી રહે... "શી રીતે આવું? આખો દિવસ નોકરીમાં ગયો, હવે બા પાસે બેસવું જોઈએ ને?" (પૃ. ૧૮૦)

અનિલનાં મૃત્યુની ઘટનામાં એનો તીવ્ર સંઘર્ષ જોવા મળે છે. પતિ અને સાસુનાં મૃત્યુ પછી એના જીવનમાં એકલતા છવાય છે. દીપને ઉછેરવાની જવાબદારી એની ઉપર આવી જાય છે. આ સ્થિતિમાં એનો સ્વસંઘર્ષ ઘેરો બનતો જોવા મળે છે. તેનો સ્વ સાથેનો સંઘર્ષ નિરૂપતાં આ વિધાનો જુઓ:

"પણ હવે તેને કશું કરવાનું મન થતું નહિ... રાતોની રાત જાગીને તે આકાશ સામે જોઈ રહેતી." (પૃ. ૧૮૩)

અહીં ભૂતકાળમાં અનુભવાયેલો પુષ્પાનો સ્વ સાથેનો સંઘર્ષ અહીં જોવા મળે છે.

- 'સુખ' (કાગળની હોડી, ૧૯૭૮)

નાની બહેન સોના અને મોટી બહેન અમિતા બંને સ્વભાવગત વિરોધી પ્રકૃતિ ધરાવે છે. આઠ વરસ પરદેશમાં રહ્યા પછી પણ સોના પર ત્યાંની છાંટ નથી. તે સાદગી પ્રિય, પ્રકૃતિ પ્રિય, પુસ્તક પ્રિય અને માયાળુ છે. અમિતા એની સામે સંપત્તિનો દેખાવડો કર્યા કરે છે. જેની સોના પર કોઈ જ અસર થતી નથી. આ સ્થિતિ અમિતામાં સંઘર્ષ જન્માવે છે. એનો સંઘર્ષ આ વિધાનોમાં જોવા મળે છે: "મનમાં તે ગુસ્સે થઈ રહી... આટલા વર્ષ કર્યું શું?" (પૃ. ૯)

અંતમાં બધું જ નાશવંત છે એ સત્ય અમિતાને સમજાય છે. સોના કરતાં પોતે દરિદ્ર હોવાની અનુભૂતિ થતાં જ અમિતાનો સ્વસંઘર્ષ તીવ્ર બને છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "ચાલતાં ચાલતાં એકદમ અંધારાં આવવા જેવું લાગ્યું... ભયથી કાંપતી તે દોડીને પાર્ટીવાળા ખંડમાં પહોંચી ગઈ." (પૃ. ૧૫)

સોનાની સાદગી આગળ પોતાના વૈભવને ક્ષુલ્લક અનુભવતી અમિતાનો સ્વસંઘર્ષ જોવા મળે છે.

- 'રંગ તો છે ને!' (કાગળની હોડી, ૧૯૭૮)

ભારતીય સમાજમાં વિવિધ સારાનરસા પ્રસંગોમાં અમુક ચોક્કસ રીતરિવાજોનું પાલન અનિવાર્ય છે. ક્યારેક અનિચ્છાએ પણ વ્યક્તિને એ પ્રણાલીઓ મુજબ વર્તવું પડે છે. અહીં નાયિકા પણ અનિચ્છાએ આ સ્થિતિને અનુસરતી જોવા મળે છે. પતિ સુકંઠનાં મૃત્યુથી તે સ્વસંઘર્ષની સ્થિતિમાં છે. તેની મન:સ્થિતિ આ વિધાનો દ્વારા આલેખાઈ છે: "અનુસંધાનનો તાર તો મૃત્યુએ તોડી દીધો હતો. હજુ આંખમાંથી આંસુ વહ્યા જ કરે છે... યાદ તાજી થઈ જાય છે ને આંસુ વહેવા માંડે છે." (પૃ -૬૪)

બેસણાનો પ્રસંગ હોવાથી સગાસંબંધીઓની આવ-જા થઈ રહી છે. તેને સાંત્વના આપવા માટે આવતાં દરેક સ્વજનો અને મિત્રો સફેદ વસ્ત્રો ધારણ કરીને આવે છે. મૃતકના ફોટાને પગે લાગતાં, થોડીવાર રડતાં અને સાંત્વનાનાં નામે બે ચાર શબ્દો કહીને ત્યાંથી વિદાય લેતાં સ્વજનોને તે જુએ છે. રીતરિવાજોનાં નામે આવાં ખોટા અને ઔપચારિક દંભને તે જુએ છે. સફેદ રંગને કારણે ઉદ્દભવતાં વિચારોમાં એનો સ્વસંઘર્ષ જોવા મળે છે. જે આ વિધાનો દ્વારા સૂચવાયો છે: "ધોળાં ધોળાં અસ્તિત્વો, શોક ચીટકાડેલા ચહેરાઓ અને આંસુથી કુગાયેલી આંખો... અપશુકનિયાળ લાગતો હતો!" (પૃ. ૬૩)

અહીં મૃત્યુ સમયે કરાતા લોકોના ખોટા લાગણીવેડા નાયિકાને અકળાવે છે. સાથે સાથે મૃત્યુ વિષયક સફેદ રંગને જોઈને પણ તે સ્વસંઘર્ષ અનુભવતી દૃશ્યમાન થાય છે.

- 'મુક્તિ' (કાગળની હોડી, ૧૯૭૮)

પુત્ર ખૂબ જ સારું ગાઈ શકે છે તેની જાણ થતાં જ નાયિકા આનંદિત બને છે. પુત્ર હવે સંગીતમાં જ આગળ વધે એમ તે ઇચ્છે છે. તે હેતુથી પુત્ર માટે તે એક સંગીત શિક્ષકની પણ સગવડ કરાવી દે છે. થોડા દિવસ પછી અચાનક પુત્ર પેલા શિક્ષક સાથે સંગીત શીખવાની ના પાડી દે છે. આ સ્થિતિમાં નાયિકા પોતાની મહેનત પર પાણી ફરી વળતું અનુભવે છે. આ અનુભૂતિ એનાં સ્વસંઘર્ષનું કારણ બને છે. તેનો સંઘર્ષ આ વિધાનોમાં જોવા મળે છે. તે કહે છે કે: "પણ મારાથી રહેવાતું નહિ... દિવસરાત મારો જીવ બળ્યા કરતો." (પૃ. ૧૫૭)

આ બાબતે વધુ સમજાવવાં જતાં પુત્ર એનાથી દૂર જતો હોય એવો તે અનુભવ કરે છે. જે એનાં સંઘર્ષને વધુ ઘેરો બનાવે છે. જે આ વિધાનોમાં જોઈ શકાય છે: "પુત્ર પ્રેમથી મારું હૃદય ફાટી જવા લાગ્યું. ઓ, મારો દીકરો... પરિચયનો સેતુ રહ્યો નહિ." (પૃ. ૧૫૯)

અહીં પુત્ર પોતાનાથી દૂર જઈ રહ્યો છે એ અનુભૂતિ નાયિકાને સ્વસંઘર્ષની સ્થિતિમાં મૂકે છે.

- 'પ્રતિશોધ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

આકાશ અને અચિરા નવપરિણીત દંપતિ છે. લગ્નની પહેલી રાત્રે જ આકાશ અચિરા સમક્ષ પોતાનો કુટુંબપ્રેમ દર્શાવતી વાતો કરી બેસે છે. આકાશની આ વાત સાંભળીને અચિરાનાં લગ્ન પહેલાં જોયેલાં મધુર સ્વપ્નો તૂટી જાય છે. આ સ્થિતિમાં તેનો સ્વ સાથેનો સંઘર્ષ જોવા મળે છે. તેની સંઘર્ષમય સ્થિતિનો ચિતાર આપતાં વાર્તાકારે લખ્યું છે કે: "અધર્સ ફર્સ્ટ?' અચિરાના કંઠમાં એ શબ્દો જાણે સુકાઈ ગયા ને સુક્કાં પાંદડાની જેમ ખખડયા." (પૃ. ૬૦)

'અચિરાની લાંબી કાળી પાંપણો એક વાર ઊંચી... મધદરિયાની અતલઅતાગ ગંભીરતા.' (પૃ. ૬૧)
આ સ્થિતિમાં તેનો સ્વ સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- 'ભેટ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

સંતોષ અને તોષા જવાબદારીઓમાંથી મુક્ત થયેલાં આધેડ ઉંમરનાં વ્યક્તિઓ છે. પ્રવાસના એક સ્થળે થયેલી મુલાકાત દ્વારા બંને એકબીજાને સમજે છે. યુવાન પુત્રના અકસ્માતના સમાચારથી તોષા સ્વસંઘર્ષ અનુભવે છે. તેનો સ્વસંઘર્ષ દર્શાવતાં વાર્તાકારે લખ્યું છે કે: "સંતોષ સામે તેણે પૂરી નજર માંડીને જોયું.... તેનો આખો દેહ થરથરી રહ્યો. ક્યાંય સુધી તેણે રડ્યા કર્યું." (પૃ. ૧૬૨) યુવાન પુત્રના મૃત્યુના આઘાતના કારણે ઉદ્દભવતો તોષાનો સ્વસંઘર્ષ જોવા મળે છે.

તોષાની સંઘર્ષમય સ્થિતિમાં સંતોષ પણ વ્યથિત થાય છે. આ સ્થિતિમાં તે તોષાને સાચવે છે. તેને સાંત્વના આપી તેનું દુઃખ હળવું કરવાના પ્રયત્નો કરે છે. યુવાન પુત્રને ગુમાવવાની તોષાની વ્યથા જોઈને તે પણ સંઘર્ષ અનુભવે છે. તેનો સંઘર્ષ આ વિધાનોમાં જોવા મળે છે: "કેવી રીતે સહન કરશે તે?... કેમ જીવશે? (પૃ. ૧૬૩)

અહીં તોષાના સંઘર્ષને કારણે વ્યથિત થતા સંતોષના સંઘર્ષનું પણ આલેખન જોવા મળે છે.

- 'જવા દઈશું તમને...' (જવા દઈશું તમને, ૧૯૮૩)

વૃદ્ધ નાયિકા માંદગીના કારણે પથારીવશ છે. પોતાની સારસંભાળ માટે સૌ માત્ર દેખાવડો કરતા હોય એમ તે અનુભવે છે. એ લોકોનું વર્તન અને જીવનશૈલી નાયિકાને અકળાવે છે. પોતે હવે

મૃત્યુની બિલકુલ સમીપે છે. પોતાની જેમ જીવનને જીવનાર અને માણનાર ઘરમાં એકપણ સ્વજન નથી. જેના કારણે તે એક પ્રકારનો ખાલીપો અનુભવે છે. પરિવાર દ્વારા એની અપેક્ષાઓ સંતોષાતી નથી. આ સ્થિતિમાં તે સ્વ સાથે સંઘર્ષ અનુભવે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "હૃદયમાં એક ઝીણો સૂર ઊઠ્યો... માત્ર દૃષ્ટિ સતેજ હતી અને સતેજ હતાં-મન, હૃદય, સ્મૃતિઓ." (પૃ. ૨૨૯)

જનરેશન ગેપના કારણે નાયિકાનાં બાળકોની જીવનશૈલી બદલાઈ હતી. એની મનોલાગણીઓને કોઈ સમજી શકતું નથી. આ કારણે ઉદ્દભવતા વિચારોમાં એનો સ્વસંઘર્ષ જોવા મળે છે.

- 'ઉષ્મા' (મનુષ્ય થવું, ૧૯૯૦)

વૃદ્ધ નાયિકા પોતાના પરિવારજનો દ્વારા થતી ઉપેક્ષાને અનુભવે છે. પોતાના ઘરમાં તેને પારકાપણાનો અહેસાસ થયા કરે છે. વૃદ્ધ હોવાને કારણે ઘરનાં પ્રસંગોમાં તેને સામેલ કરાતી નથી. આ સ્થિતિ એના સ્વ સંઘર્ષનું કારણ બને છે. વાર્તાની શરૂઆતમાં જ પરિવાર દ્વારા કરાતી એની ઉપેક્ષા આ વિધાનોમાં જોવા મળે છે: "બારણું ઉઘાડીને તે ચુપચાપ બાલ્કનીમાં આવીને બેસી ગઈ હતી. વાર્તાની રાજકુમારીને વરદાન મળ્યું હતું: તે બધાને જોઈ શકે, પણ કોઈ તેને જોઈ શકે નહિ." (પૃ. ૭૬)

નાયિકા ભૌતિક રીતે સુખી છે છતાંય એનું મન ખાલીપો અનુભવે છે. એની મનોલાગણીઓ આ વિધાનમાં વ્યક્ત થઈ છે: "કંઈ જ ખોટ નહોતી સ્તો!... કંઈક જે નથી તેને કશું નામ હોય?" (પૃ. ૭૮)

ભૂતકાળની યાદોમાં એ સંઘર્ષ વધુ ઘેરો બનતો જોવા મળે છે. અહીં, સ્વજનોની ઉપેક્ષા, એકલતા, ખાલીપો, સંઘર્ષમય ભૂતકાળ આ બધાં જ પરિબળો એના સંઘર્ષને ઘેરો બનાવતાં જોવા મળે છે.

- 'પ્રિયતમનાં લગ્ન' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

નાયિકા એના પ્રિયતમના આવવાની રાહ જોઈ રહી છે. સ્નાન કર્યા પછી તે દિવાસ્વપ્નમાં સરી પડે છે. સ્વપ્નમાં તે જુએ છે કે ટૅલિફોન દ્વારા પ્રિયતમ જણાવે છે કે: "આજે સાંજે મારા લગ્ન છે, તું જરૂર આવજે... " (પૃ. ૧૨૮)

આ વાતથી તે વ્યાકુળ બની તેનું મન વિવિધ વિચારોથી ઘેરાઈ જાય છે. આ સ્થિતિમાં તે સ્વસંઘર્ષ અનુભવે છે. આ વિધાનોમાં તે વ્યક્ત થઈ છે: "મેં ખુરશીનો હાથો પકડી રાખ્યો. મને ખબર નથી, એવી રીતે કેટલી પળો વીતી હશે!... એક અંધકાર મારી આસપાસ ઘેરાતો ચાલ્યો." (પૃ. ૧૩૦) નાયિકાની સ્વપ્નાધીન અવસ્થામાં પણ સંઘર્ષમય સ્થિતિનું સુંદર આલેખન જોવા મળે છે.

- 'પ્રથમ રાત્રિએ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

નવપરિણીત નાયિકા મંજુ છે. તદ્દન નવા પરિવેશને કારણે તેને સાસરીમાં બધું જ નવું લાગે છે. આ સ્થિતિમાં તે મનોમન સ્વસંઘર્ષ અનુભવે છે. તેનાં મનમાં પિયરની યાદ તાજી થઈ આવે છે. એકલતામાં ગૂંગળાતી મંજુની મનઃસ્થિતિ આ વિધાનોમાં જોવા મળે છે: "તેનું હૃદય એક અવ્યક્ત વિષાદથી ભરાઈ ગયું... ધૂળિયા ગામની ગંદી ગલીના એક નાના-શા મકાનમાં..." (પૃ. ૨૩)

નવા પરિવેશને કારણે ઉદ્દભવતો મંજુનો સ્વ સાથેનો મનોસંઘર્ષ અહીં જોવા મળે છે.

- 'માર્ગ ક્યાં છે?' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

મા બીમાર હોવાથી પૈસાની તંગીને કારણે સુનંદાને મિ.સેન સાથે પરણવું પડે છે. ધનવાન હોવાથી તે સુનંદાને બધું જ ભૌતિક સુખ પૂરું પાડે છે પરંતુ, એક વ્યક્તિ માટે ધન, વૈભવ જ સર્વસ્વ હોતું નથી. એના માટે કોઈકનો પ્રેમ, હુંફ, આદર, માન જેવી લાગણીઓ પણ એટલી જ મહત્વની છે. સુનંદા આ બધા માટે તલસે છે. વૈભવી બંગલામાં સુનંદા અસહાયતા અને એકલતા અનુભવે છે. એની આ સ્થિતિ સોનાના પિંજરામાં પૂરાયેલા પંખી જેવી છે. જેને બધી જ સગવડ મળે છે પણ, તે મુક્ત રીતે ખુલ્લા આકાશમાં વિહરી શકતું નથી. તે મનોમન બધું સહન કરતી જોવા મળે છે. આ સ્થિતિમાં એનો સ્વ સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

ભોગવિલાસી જિંદગીના કડવાં અનુભવોને મૂંગા મોઢે સહન કરતી સુનંદા અહીં જોવા મળે છે. વાર્તાકાર નાયક પહેલી મુલાકાતમાં જ સુનંદાના ચહેરાના હાવભાવ જાણીને એની અસહાયતાનો અનુભવ કરે છે. આ વિધાનોમાં વાર્તાકારે નાયકના મુખે સુનંદાના સ્વસંઘર્ષનો ચિતાર આપ્યો છે: "મેં

કહ્યું: "અમારે ચારેક વાગ્યે મળવું એમ નક્કી થયું હતું.... એમ લાગ્યું, તમારા આપેલા કારણમાં તમને પોતાને જ વિશ્વાસ નહોતો." (પૃ. ૯૭ )

શ્રીમંત કુટુંબોમાં જોવા મળતી સુનંદા જેવી અનેક સ્ત્રીઓની આ કડવી વાસ્તવિકતા અને સંઘર્ષના વિષયનું આલેખન અહીં જોવા મળે છે.

સુનંદાની વ્યથા અહીં નાયક દ્વારા રજૂ કરવામાં આવી છે. તેણે સુનંદાને મિ.સેનના વૈભવી મકાનમાં પળ પળ ઘૂંટાતી અને રીબાતી નજરે નિહાળી છે. તેની આ સ્થિતિ નાયકને પણ અકળાવી મૂકે છે. જેના કારણે તે પણ સંઘર્ષ અનુભવે છે. આ વિધાનોમાં એનો સંઘર્ષ વર્ણવાયો છે: " જીવનના એકાંત કિનારે તમારાં રહસ્યોને મારી રીતે ઉકેલતો... માર્ગ ક્યાં છે, સુનંદા?" (પૃ. ૧૦૩)

અહીં નાયકનું પાત્ર સુનંદાની વેદનાને અનુભવીને સંઘર્ષ અનુભવતું જોવા મળે છે. આ કારણે કથાના વિષયવસ્તુનું સૌંદર્ય વધતું જોવા મળે છે.

- 'શોધ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

યુવાન બનેલી નાયિકા બચપણનાં મધુરાં સંસ્મરણો યાદ આવે છે. તે દ્વારા તે સુનાલી અને મધુસૂદનની વાત જણાવે છે. મધુસૂદન એક ટીખળી છોકરો છે. તે ક્યારેય પોતાની કહેલી કોઈ વાતને ગંભીરતાથી લેતો નથી. મજાકમાં તે સુનાલી માટે પણ પ્રેમભરી વાતો કરે છે. તેને સુનાલી સાચી માની લે છે. એના એકતરફી પ્રેમમાં પડે છે. મનની વાત તે મધસૂદનને કહી શકતી નથી. તે સ્વસંઘર્ષ અનુભવે છે. તેની સંઘર્ષમય સ્થિતિને વાર્તાકારે આ વિધાનોમાં દર્શાવી છે: "એક દિવસ તે કંઈક વધારે ગમગીન હતી... એકવાર મધુસૂદનને બોલાવી લાવશે?" (પૃ. ૧૩૫)

અહીં એકતરફી પ્રેમને કારણે સુનાલીનો સ્વ સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- 'હરિ આવન કી આવાજ' (કાગળની હોડી, ૧૯૭૮)

ભારતીય સમાજવ્યવસ્થામાં સ્ત્રીની સ્વતંત્રતાને છીનવી લેતા બંધનરૂપી અનેક નિયમો રૂઢ થયેલા છે. સ્ત્રીનાં લગ્ન પછી એ બંધનની એ બેડી વધુ મજબૂત બને છે. જેના કારણે સ્ત્રી ચાહીને પણ તેમાંથી બહાર નીકળી શકતી નથી. અન્યની ઇચ્છાઓને સ્વીકારીને તેણે ખુશ રહેવું પડે છે.

અહીં કેટી પણ સ્ત્રીઓની આ બંધનાવસ્થાને અનુસરતું પાત્ર છે. તે વૈભવી હોટલના માલિક મિ.ફિરોઝની પત્ની છે. જેને કારણે તેને એ મુજબ અન્ય સામે વ્યક્ત થવું પડે છે. પોતાની ઇચ્છા મુજબનું વર્તન ન કરી શકતી કેટી અસહાયતા અનુભવે છે. આ સ્થિતિમાં તે સ્વ સાથે સંઘર્ષ કરતી જોવા મળે છે. નીચેના સંવાદમાં એની સંઘર્ષમય સ્થિતિ જોવા મળે છે. તે કહે છે કે: "કોઈક વાર… જીવનમાં એક વાર, એક સાચું દ્વાર ખૂલે છે… ખોટું ઘર વસાવી ચૂક્યાં હોઈએ છીએ." (પૃ. ૭)

સમાજનાં સ્ત્રીસ્વતંત્રતા વિરોધી નિયમોનાં કારણે વિદ્રોહ ન કરી શકતી કેટીનો સ્વસંઘર્ષ જોવા મળે છે.

સદીઓથી સ્ત્રીઓએ સમાજના બંધનોને સ્વીકારી લીધા છે. તેની સામે તે વિદ્રોહ કરતી નથી. કેટી પણ આમ જ કરતી જોવાય છે. વાર્તાકાર એને બધાં જ આવરણ કાઢીને પોતે જે છે એ પ્રમાણે વ્યક્ત થવા સમજાવે છે. તે સ્ત્રીને મુક્ત રીતે જીવતી જોવા ઇચ્છે છે. સ્ત્રીઓ આવી હિંમત કેમ કરતી નથી એ બાબતે વાર્તાકાર પાત્રની સંઘર્ષમય અવસ્થા નજરે પડે છે.

- 'મારે એક મિત્ર છે' (જવા દઈશું તમને, ૧૯૮૩)

ગામડું ગમતું હોવાથી નાયિકા થોડા દિવસ માટે ફોઈને ત્યાં રહેવા આવી છે. પોતે પ્રકૃતિપ્રેમી હોવાથી ગામનું પ્રાકૃતિક સૌંદર્ય માણવા નીકળે છે. ત્યાં અન્ય પ્રકૃતિપ્રેમી યુવતી સાથે તેની મુલાકાત થાય છે. યુવતીના વિચારો જાણીને તેના વિશે વધુ જાણવા માટે તે ઉત્સુક બને છે. અજાણી સ્ત્રીના ઘરે જવાનું આમંત્રણ તે સ્વીકારે છે. સ્ત્રી એનો ભૂતકાળ જણાવે છે. એના પરથી નાયિકાને લાગે છે કે એ સ્ત્રીના જીવન સાથે પોતે પણ ક્યાંક ને ક્યાંક જોડાયેલી છે. પોતાનો પણ એ સ્ત્રીના પતિ સાથે સંબંધ રહ્યો હતો એમ લાગતાં તે સ્વસંઘર્ષ અનુભવતી જોવા મળે છે. સ્વસંઘર્ષની સ્થિતિ દર્શાવતાં તે કહે છે કે: "હું સાંગોપાંગ કંપી રહી....અરુણને કેમ તેની સાથે બનતું નહિ હોય?" (પૃ. ૧૭૮)

અજાણી સ્રીના ભૂતકાળમાં પોતે સામેલ છે એવો આભાસ તેના સંઘર્ષને વધારે છે. તે કહે છે કે: "ઓહ, ઓહ-આ બધું તો બહુ ગૂંચવનારું હતું... કશું જ નહોતું જાણવું. હું ઊભી થઈ ગઈ." (પૃ. ૧૭૮)

અહીં અજાણી સ્ત્રીનો ભૂતકાળ જાણીને નાયિકા મનોમન સ્વસંઘર્ષ અનુભવે છે.

- 'નવું ચિત્ર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

વૃદ્ધ નાયિકા જીવનને આનંદથી જીવનારી વ્યક્તિ છે. હવે એને અનુભવાય છે કે એના આનંદમય જીવનમાં બદલાવ આવ્યો છે. વૃદ્ધાવસ્થામાં એને કંઈક ઓછપ વર્તાય છે. જેનાં કારણે તે સ્વસંઘર્ષ અનુભવે છે. ભૂતકાળમાં દોરેલા એક ચિત્ર ઉપર એની નજર મંડાય છે. એ પોતાના જીવનનું જ ચિત્ર હોય એમ તે અનુભવે છે. એ સુંદર ચિત્રમાં તે એક ખૂણામાં ફૂગ વળેલી જુએ છે. એ જોઈને તે વિચારોમાં ખોવાય છે. આ વિચારોમાં એનો સંઘર્ષ ઘેરો બનતો જોવા મળે છે. તે વિચારે છે કે: "હવે વરસાદના દિવસો આવશે. ફૂગનો વિસ્તાર વધશે... ઊભા થવાનું મન નહિં થાય." (પૃ. ૨૧૯)

વૃદ્ધાવસ્થાના કારણે એનાં આનંદમય જીવનમાં હવે બદલાવ આવ્યો હતો. આ બદલાવ શા માટે આવ્યો એની મથામણમાં એનો સંઘર્ષ જોવા મળે છે.

- 'મનુષ્ય થવું' (મનુષ્ય થવું, ૧૯૯૦)

દક્ષા સુખી સંપન્ન પરિવારની છે. બધો જ વૈભવ હોવાં છતાં તેનાં જીવનમાં એકલતાનો ખાલીપો છે. આ કારણે તે સ્વ સાથે સંઘર્ષ અનુભવે છે. એનો સ્વસંઘર્ષ નીચેનાં વિધાનોમાં જોવા મળે છે: "આગલી રાતની પાર્ટી પછી આખું ઘર અસ્તવ્યસ્ત થઈ ગયું હતું... હૃદય ખાલી રહ્યું હતું." (પૃ. ६૭)

"સવારે ઊઠી તો પણ હજુ આંખોમાં ઊંઘનો ભાર હતો. શરીર પર એક ખાલીપણું છવાયું હતું... પાર્ટી પછી કેટલું બધું વેરાયું હતું આખા ઘરમાં!" (પૃ. ६૭)

આર્થિક સુખસગવડોની વચ્ચે એકલતા અનુભવતી દક્ષાનો સ્વસંઘર્ષ અહીં જોવા મળે છે.

- 'સંબંધ' (મનુષ્ય થવું, ૧૯૯૦)

નિરંકાનો પતિ નિશાન મૃત્યુ પામ્યો છે. પુત્ર સુગીત હજી નાનો જ છે. આ ઉંમરમાં તેને હજી પિતાની હૂંફ જરૂરી છે એ વાતને તે સમજે છે. નિશાન સાથેનાં એનાં જીવનમાં ખાલીપો હતો. એ

ખાલીપાને દૂર કરવા હવે સોમનાથ આવ્યો છે. તે અન્યને ચાહનારો વ્યક્તિ છે. તેની સાથે મુલાકાત માટે તે સુગીતને તૈયાર કરે છે. સુગીત નાનો હોવાં છતાંય "મારે નવો બાપ નથી જોઈતો..." એમ કહીને તેને મળવા જવાની ના પાડે છે.

નાનકડા સુગીતના મુખે 'નવો બાપ' શબ્દ સાંભળી તેનાં મનમાં વિચારો ઉદ્દીપ્ત થાય છે. જે એનાં સ્વસંઘર્ષનું કારણ બને છે. નિરંકાની મનોવ્યથા દર્શાવતાં વાર્તાકાર લખે છે કે: "નિરંકા ઉદાસ થઈને જોઈ રહી... એ તો સ્વીકારાયેલા શબ્દો હતા, સદીઓથી સ્વીકારાયેલા." (પૃ. ૭૦)

અહીં નિરંકાનાં સ્વ સાથેનાં સંઘર્ષનું આલેખન જોવા મળે છે.

- 'સ્નેહધન' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

જતીન ખૂબ જ તોફાની છોકરો છે. તેની વિધવા ફોઈ ભાઈને ત્યાં રહેવા આવે છે. તેને વિશ્વાસ છે કે તે પ્રેમ અને વાત્સલ્યથી જતીનને સુધારી શકશે. પ્રયત્નો કરવા છતાંય જતીનનાં વર્તનમાં કોઈ જ ફેર પડતો નથી. ઊલટાની તેની ધમાલ વધતી હોવાથી તે મનોમન મૂંઝાય છે. એનો સંઘર્ષ નિરૂપતાં આ વિધાનો જુઓ: "તે રાતે જતીન પથારીમાં સૂતો હતો ત્યારે ધીમે પગલે ફોઈ તેની પાસે જઈ બેઠી... પણ એથી તો વધારે ખીજાશે એમ માની તે ઊઠીને પોતાની પથારીમાં જઈને પડી." (પૃ. ૧૩)

અહીં, જતીનનાં અત્યંત રૂક્ષ અને ઉદ્ધતાઈભર્યાં વર્તનને કારણે ફોઈનો સ્વસંઘર્ષ જોવા મળે છે.

- 'છબી' (જવા દઈશું તમને, ૧૯૮૩)

જીવનમાં અસંતોષ અનુભવતી નાયિકા છે. જે એના સ્વ સાથેના સંઘર્ષનું કારણ બને છે. જે નીચેનાં વિધાનો દ્વારા જોવા મળે છે: "ગેસ ખલાસ થઈ ગયો હતો... સામા માણસની શું સ્થિતિ છે." (પૃ. ૧૩૫)

ભૂતપૂર્વ પ્રેમીને મળવાની ઘટનામાં પણ તે કાલ્પનિક અપેક્ષાઓ રાખે છે. એની ધારેલી અપેક્ષા કરતાં પ્રેમીનો તદ્દન વિપરીત જવાબ સાંભળે છે. આ સ્થિતિમાં તે સ્વસંઘર્ષ અનુભવે છે. એની

સંઘર્ષમય સ્થિતિનું નિરૂપણ આ વિધાનોમાં જોવા મળે છે: " હું એટલી બધી ચોંકી ગઈ કે મને થયું, હું પડી જઈશ... ખુરસીના હાથાને પકડી મેં મારી જાતને સંભાળી." (પૃ. ૧૩૭)

અહીં જીવનનો અસંતોષ અનુભવતી અને અપેક્ષાઓ રાખતી નાયિકાનો સ્વસંઘર્ષ જોવા મળે છે.

જૂથ સમાપન

આ જૂથમાં સ્વ સાથેનો સંઘર્ષ દર્શાવતી કુલ ૫૦ વાર્તાઓ છે. એમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનું વૈવિધ્ય જોવા મળે છે. મુખ્યત્વે યુવાન, પરિણીત, વૃદ્ધ, અમીર, અને ગરીબ સ્ત્રીપાત્રોની સમસ્યાઓનું આલેખન અહીં સહજતાથી થયેલું જણાય છે. મનમાં ઉદ્દભવતા પ્રશ્નો અને એની મથામણમાં આ જૂથનાં સ્ત્રીપાત્રો સ્વ સાથે સંઘર્ષ કરતાં જોવા મળે છે. કેટલાંક પાત્રો સમસ્યામાંથી બહાર નીકળી ન શકવાથી તો કેટલાંક પોતાની વ્યથા અન્યને જણાવી ન શકવાથી સંઘર્ષમય સ્થિતિમાં મૂકાય છે. મહદંશે અહીં મનોમન મથામણ અનુભવતાં પાત્રોનું આલેખન જોવા મળે છે.

સંઘર્ષના આલેખન માટે સ્ત્રીસહજ સ્વભાવ અને ભાવલાગણીઓનો વધુ પડતો સહારો લેવામાં આવ્યો છે. અહીં સ્ત્રીનું સમર્પણ, સ્વાભિમાન, આતિથ્યભાવ, પ્રેમ, જીજ્ઞાસા, મિલન, વિરહ, માતૃત્વ, ઈર્ષ્યા જેવા ભાવોને જીવનવર્તુળનું કેન્દ્ર બનાવીને સ્ત્રીસંઘર્ષનું નિરૂપણ થયું છે. જેના કારણે મહત્તમ સ્ત્રીપાત્રોનો સંઘર્ષ અહીં જોઈ શકાય છે. આ ઉપરાંત દાંપત્યજીવન, વૃદ્ધાવસ્થા, એકલતા, અસંતોષ, દમન, સંતાનસુખ, પ્રેમનિષ્ફળતા, સમાજની રૂઢિગત માન્યતાઓ જેવા વિષયોની વિવિધતા પણ અહીં છે.

ઘણી વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનો તીવ્ર સંઘર્ષ જોવા મળે છે. 'અવકાશ', 'ચાર પત્રો', 'વધુ ને વધુ સુંદર' જેવી વાર્તાઓનાં સ્ત્રીપાત્રો નિજી સ્વતંત્રતાને ઝંખે છે. જેનો અસંતોષ સ્વસંઘર્ષનું કારણ બને છે. સામાજિક બંધનોનો સ્વીકાર કરીને તેમાં ગૂંગળામણ અનુભવતી સ્ત્રીઓનો સંઘર્ષ 'માર્ગ ક્યાં છે?', 'હરિ આવન કી આવાજ' જેવી વાર્તાઓમાં જોવા મળે છે. 'હરિ આવન કી આવાજ', 'માર્ગ ક્યાં છે?' અને

'મનુષ્ય થવું' વાર્તાઓમાં શ્રીમંત કુટુંબની સ્ત્રીઓનાં મનનો ખાલીપો અને એકલતાનું વર્ણન છે. જે એમનાં સ્વસંઘર્ષનું કારણ બને છે. 'ઢોળાયેલી સુગંધ', 'અતૃપ્તિ', 'પ્રેમનાં આંસુ', 'કોઈક દિવસ', 'એક રાતની વાત', 'સાથ', 'દાદાજી! ઓ દાદાજી!', 'અનુભૂતિનો એક ખંડ', 'ઓછાયો' અને 'તો?' જેવી વાર્તાઓમાં સ્ત્રીની સ્વભાવગત ભાવલાગણીઓનો સંઘર્ષ છે. 'એક પત્ર' વાર્તામાં વિધવા નારીનો જીવન સંઘર્ષ છે તો 'પ્રથમ રાત્રિએ' વાર્તામાં નવોઢાની વ્યથાનું આલેખન છે. 'એક રાતની વાત' સમાજમાં થતાં ગરીબ લોકોનાં શોષણની વાત રજૂ કરે છે.

'માતૃત્વ'થી વંચિત રહી ગયેલી સ્ત્રીની સંતાનઝંખના માટેનો સંઘર્ષ 'અતૃપ્તિ' વાર્તામાં જોવા મળે છે. 'અંધકાર' અને 'યુદ્ધ..વિરામ...શાંતિ!' જેવી વાર્તાઓમાં વિરહની વેદના સંઘર્ષનું કારણ બની છે. 'કરોળિયાનું ઘર', 'આ ઉંમરે એકલી?', 'ઉષ્મા', 'નવું ચિત્ર', 'દિવાળીના દીવા', અને 'જવા દઈશું તમને' જેવી વાર્તાઓનાં વૃદ્ધ સ્ત્રીપાત્રો પરિવારની ઉપેક્ષા, એકલતા અને જીવનના ખાલીપાનો અનુભવ કરે છે. જેનાં કારણે તેમનો સ્વ સાથેનો સંઘર્ષ અહીં જોવા મળે છે. 'સૂરજ ઊગશે', 'અંધકાર', 'વિદાય', 'માધવ અને કુસુમી', 'શોધ', અને 'તારાછાયી રાત' જેવી વાર્તાઓમાં પ્રેમનિષ્ફળતાને કારણે સંઘર્ષ જોવા મળે છે. સમાજનાં રૂઢ નિયમો સામે બંડ પોકારતી અને નૂતન વિચારધારા ધરાવતી સ્ત્રીઓ 'રંગ તો છે ને!', 'દરિયાની સાક્ષીએ', અને 'ફ્લાવરવેલી' જેવી વાર્તાઓમાં જોવા મળે છે.

આ વાર્તાઓમાં સ્ત્રી, પુરુષ, સમાજ અને અન્ય પરિબળોના કારણે પણ સ્ત્રીનો સ્વસંઘર્ષ ઉદ્દીપ્ત થતો જોવા મળે છે. 'દરિયાની સાક્ષીએ', 'ફ્લાવરવેલી' જેવી વાર્તાઓમાં એનો સમાજનાં રૂઢિચુસ્ત નિયમોને કારણે પણ સંઘર્ષ જોવા મળે છે. 'એક રાતની વાત', 'તો?' અને 'અવકાશ' જેવી વાર્તાઓમાં પુરુષના કારણે સંઘર્ષ છે. 'વધુ ને વધુ સુંદર' વાર્તામાં સ્ત્રીના કારણે સંઘર્ષ જોવા મળે છે. 'સુખ' અને 'અસત્યનાં ચરમ બિંદુએ' જેવી વાર્તાઓમાં એક સ્ત્રી બીજી સ્ત્રી માટે સ્વસંઘર્ષનું કારણ બનતી જોવા મળે છે.

એમની વાર્તાઓમાં એવું નથી કે માત્ર સ્ત્રીપાત્રો જ ભાવનાઓનાં કારણે સંઘર્ષ અનુભવે છે. એમનાં પુરુષપાત્રોમાંથી કેટલાંકે સ્ત્રીહૃદયની લાગણીઓને સમજી છે. જેના કારણે તેઓ પણ સ્ત્રીની

મનોવેદનાને જોઈને વ્યથિત થઈ ઊઠે છે. આવા પાત્રોનાં સ્ત્રીવિષયક સંઘર્ષને પણ અહીં દર્શાવાયો છે. અહીં સ્ત્રીઓને દુઃખી જોઈને દુઃખી થતાં પાત્રોનો સંઘર્ષ દર્શાવતી વાર્તાઓમાં ‘વિદાય’, ‘એક રાતની વાત’, ‘ભેટ’, અને ‘માર્ગ ક્યાં છે?’નો સમાવેશ થાય છે.

અહીં વિવિધ ઘટનાઓ, અનુભૂતિ, વિચારો, કલ્પનાઓ, પરિવેશ અને પરિસ્થિતિઓ એમનાં સંઘર્ષને પોષવામાં સહાયરૂપ બનતાં જોવાય છે. જેના કારણે આ સ્ત્રીપાત્રો નકારાત્મક ભાવનાઓનો શિકાર બને છે. પરિણામે તેમને સંઘર્ષનો સામનો કરવો પડે છે. સમગ્રતયા કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનો સ્વસંઘર્ષ વધુ માત્રામાં જોવા મળે છે.

## જૂથ ૨- સ્ત્રીનો પુરુષ સાથેનો સંઘર્ષ

કુન્દનિકા કાપડીઆનાં તમામ વાર્તાસંગ્રહોને ધ્યાને લઈ જૂથ-૨માં સ્ત્રીનો પુરુષ સાથેનો સંઘર્ષ વર્ણવાયો છે. આ જૂથમાં ‘તમારાં ચરણોમાં’, ‘પથ્થરનું સંગીત’, ‘ન્યાય’, ‘ખુરસી’, ‘આજે સવારે’, અને ‘ડહેલિયાનું ફૂલ’ જેવી વાર્તાઓનો સમાવેશ થયો છે. જેના દ્વારા વાર્તાઓમાં રહેલા સ્ત્રીના પુરુષ સાથેના સંઘર્ષને ચકાસવાનો પ્રયત્ન કરેલ છે.

- ‘તમારા ચરણોમાં’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

શીલા લગ્ન પછી અત્યાર સુધી પતિની ઇચ્છાઓ પ્રમાણે જ વર્તી છે. તેના પતિએ હંમેશા પોતાને ગમતું જ સ્વીકારવાનો એની પાસે આગ્રહ રાખ્યો હતો. પતિની ખુશીમાં જ પોતાનું સુખ છે એમ માનતી શીલાને ભૂતકાળનાં વિવિધ પ્રસંગો દ્વારા આત્મસભાનતા આવે છે. હવે એને સમજાય છે કે પતિને ખુશ રાખવા માટે એણે પોતાની ઇચ્છાઓનું કેટલું બલિદાન આપ્યું હતું. આ સ્થિતિ માટે એના મનમાં વિરોધ જાગે છે. જે સંઘર્ષમાં પરિણમે છે. સ્વજાગૃતિ થતાં જ તે કહે છે કે: “બધું જ હતું મારી પાસે – લક્ષ્મી, કીર્તિ... પણ આ બધુંય જેને શોભે એ સ્વતંત્ર મન જ નહોતું મારી પાસે.” (પૃ. ૪૧)

બહેન નીલાની આત્મહત્યાની ઘટનાથી શીલા વ્યથિત બને છે. આ સ્થિતિમાં એનો સંઘર્ષ તીવ્ર બને છે. પુરુષના આધિપત્ય માટે તે સમાજને પણ એટલો જ જવાબદાર માને છે. સ્ત્રીઓ માટે

બંધનો બનાવનાર સમાજ સામે પણ તે પત્રમાં લખીને વિરોધ દર્શાવે છે. તે લખે છે કે: “શ્રેષ્ઠ આદર્શ એકત્વનો સ્વીકારવામાં આવ્યો છે... લગ્ન પછી સ્ત્રીનાં સ્વતંત્ર માનસને શું ક્યાંય અવકાશ નથી?” (પૃ. ૪૬)

અહીં શીલાની નાની બહેન નીલાનો પણ સંઘર્ષ જોવા મળે છે. તે એક ગરીબ છોકરા કિસનના પ્રેમમાં છે. શીલાના પતિ દ્વારા નીલાની ઇચ્છા વિરુદ્ધ એને અતુલ સાથે પરણાવી દેવાય છે. આ સ્થિતિનો વિરોધ ન કરી શકતી નીલા સંઘર્ષ કરતી જોવા મળે છે.

આ વાર્તામાં પુરુષના અને સમાજના આધિપત્ય નીચે કચડાતી શીલા અને નીલાનો સંઘર્ષ જોવા મળે છે.

- ‘પથ્થરનું સંગીત’ (કાગળની હોડી, ૧૯૭૮)

પોતાની આબરૂ અને પ્રતિષ્ઠા ખાતર પરિવાર દ્વારા અનિચ્છાએ કરાતાં લગ્ન સ્ત્રીનાં દાંપત્યજીવનમાં કડવાશનું કારણ બને છે. જેના કારણે સ્ત્રીને આખું જીવન સંઘર્ષમય સ્થિતિમાં વ્યતિત કરવું પડે છે. આ વાર્તા એ વાસ્તવિક સત્યનું પ્રતિબિંબ પાડે છે. અહીં બાળનાયકની માતા એ મજબૂર સ્ત્રીની સંઘર્ષમય સ્થિતિને ઉજાગર કરતું પાત્ર છે. અનિચ્છાએ થયેલાં લગ્ન બાળનાયકનાં માતા પિતા વચ્ચે વારંવાર ઝગડાનું કારણ બને છે. આ ઘટનામાં એની માતાનો સ્વસંઘર્ષ જોઈ શકાય છે.

- ‘ન્યાય’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

રાધિકા વ્યક્તિગત સ્વતંત્રતાને ઇચ્છે છે. શ્યામ સાથે લગ્ન પણ એટલે જ કર્યાં હતા કે એ પણ સ્ત્રીની સ્વતંત્રતામાં માનતો હતો. હવે લગ્નનાં થોડાં વર્ષો પછી શ્યામનું એનાં તરફનું વર્તન બદલાયું છે. એમાં રહેલો પુરુષ હવે ડોકિયું કરવા માંડ્યો છે. જેનાં કારણે તે નાની નાની ઘટનાઓમાં શ્યામના આધિપત્યનો અનુભવ કરે છે. આ સ્થિતિમાં એનો શ્યામ સાથે સંઘર્ષ ઉદ્ભવે છે. ભૂતકાળ અને વર્તમાનની સ્થિતિની તુલનામાં એ સંઘર્ષ વધુ ઘેરો બનતો જાય છે. એનો સંઘર્ષ આ વિધાનો દ્વારા

વ્યક્ત થયો છે: " આખી રાત રાધિકા જાગતી પડી રહી... સાથે રહેવા શ્યામે કશું જ કરવાનું નહિ?" (પૃ. ૧૯૫)

સ્ત્રીની સ્વતંત્રતાને છીનવી લેતા સમાજના નિયમોના કારણે પણ રાધિકા સંઘર્ષ અનુભવે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "શા માટે હંમેશા પોતે જ બધું કબૂલ કરી લેવું જોઈએ?... પણ ક્ષમાશીલતાની આ વરમાળ સદા સ્ત્રીના જ ગળે શા માટે ઝૂલ્યા કરવી જોઈએ?" (પૃ. ૧૯૪)

અહીં પુરુષના આધિપત્યનો વિરોધ કરતી રાધિકાનો શ્યામ સાથેનો સંઘર્ષ દૃશ્યમાન થાય છે.

- 'ખુરસી' (જવા દઈશું તમને, ૧૯૮૩)

અત્યાર સુધીના દાંપત્યજીવનમાં ઘણું સહન કર્યા પછી હવે સીતા વધારે સહન કરવા માંગતી નથી. પતિ નિરંજન સાથેનો તેનો સંઘર્ષ અહીં વ્યક્ત થયો છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "હવે નથી વેઠાતું. બહુ દિવસ વેઠયું. સહન શક્તિની એક હદ હોય છે... તેમાં કશુંક ગૌરવ છે એમ લાગ્યા કરતું." (પૃ. ૧૨૮)

અહીં સહનશીલતાની હદ વટાવી ચૂકેલી સીતાનો નિરંજન સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- 'આજે સવારે' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

શાંતિલા નિ:સંતાન છે. એનું હૃદય સંતાનસુખ ઝંખે છે. આ વ્યથા તે પતિને કહી શકતી નથી. નાયકના જણાવ્યા મુજબ શાંતિલા સવારથી જ એના દોષોનું વર્ણન કરી રહી છે. નાયકની અન્ય ખામીઓને કારણ બનાવીને તે પોતાની વ્યથા રજૂ કરે છે. આ સ્થિતિમાં એનો પુરુષ સાથેનો સંઘર્ષ જોવા મળે છે. એની સંઘર્ષમય સ્થિતિ આ વિધાનોમાં જોવા મળે છે: "હાથમાંથી છરી એણે નીચે મૂકી દીધી... તો... આ તમારું ઘર રાખો તમારી પાસે, હું ચાલી જઈશ.." (પૃ. ૯૬)

સંતાનને ઝંખતી શાંતિલા એની મનોવ્યથા રજૂ કરવા માટે અન્ય બાબતોને લઈને પતિ સાથે સંઘર્ષ કરતી નજરે પડે છે.

- ‘ડહેલિયાનું ફૂલ’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

વાર્તાનાયક છ મહિનાથી બેરોજગાર છે. આ કારણે તે નજીવી બાબતોમાં પત્ની સોમા અને પુત્ર અનિમેષ પર અકળાય છે. પતિમાં આવેલો બદલાવ સોમા અનુભવે છે. તેને લાગે છે કે પતિ હવે પુત્ર અને પોતાને ચાહતો નથી. આ સ્થિતિમાં તે પતિ સાથે સંઘર્ષ અનુભવે છે. એના સંઘર્ષની આછેરી ઝલક આપણને નીચેના સંવાદમાં જોવા મળે છે.

“અચાનક જ મારા ખભા પર માથું નાખી દઈ તે રડી પડી ને બોલી: “તું અમને ચાહતો કેમ નથી?”

... તું અમને ચાહે તો આખી દુનિયા તારી જ છે.” (પૃ. ૫૭)

અહીં આ નાનકડા સંવાદમાં સોમાના સંઘર્ષનું નિરૂપણ જોઈ શકાય છે.

જૂથ સમાપન

આ જૂથમાં કુલ ૬ વાર્તાઓનો સમાવેશ થાય છે. અહીં પુરુષ અને સમાજનાં નિયમોનું આધિપત્ય સ્ત્રીસંઘર્ષ માટે નિમિત્ત બન્યાં છે. ‘તમારાં ચરણોમાં’ અને ‘પથ્થરનું સંગીત’ વાર્તામાં અનિચ્છાએ થતાં લગ્નની વાત છે. લગ્નજીવનમાં અણગમતાં પાત્ર સાથે ગોઠવાઈ ન શકવાની સ્થિતિનું કેવું ભયાનક પરિણામ આવી શકે છે તેની વાત અહીં રજૂ થઈ છે. ‘આજે સવારે’ વાર્તાની શાંતિલા સંતાનસુખની અતૃપ્તિના કારણે અને ‘ડહેલિયાનું ફૂલ’ વાર્તાની સોમા પતિના વર્તનમાં આવેલા બદલાવને કારણે સંઘર્ષ કરતી જોવા મળે છે. આ પાત્રો પતિની ગેરવર્તણૂંકને કારણે સમય આવ્યે તેની સામે બોલતાં પણ અચકાતી નથી. ‘તમારાં ચરણોમાં’, ‘ખુરસી’, અને ‘ન્યાય’ વાર્તામાં પુરુષનું આધિપત્ય જોવા મળે છે.

એમનાં વાર્તાસંગ્રહોના પ્રકાશનવર્ષ મુજબ સ્ત્રીપાત્રોમાં આવેલું પરિવર્તન અહીં જોવા મળે છે. ‘તમારાં ચરણોમાં’ અને ‘આજે સવારે’ વાર્તાઓ પ્રથમ વાર્તાસંગ્રહની છે. જેમાં ‘તમારાં ચરણોમાં’

વાર્તાની શીલા પત્ર દ્વારા જયારે ‘આજે સવારે’ વાર્તાની શાંતિલા અન્ય બાબતોને કારણ બનાવી પોતાનો સંઘર્ષ રજૂ કરે છે. બીજા વાર્તાસંગ્રહમાં ‘ડહેલિયાનું ફૂલ’ વાર્તા છે. જેમાં પતિનો પ્રેમ પામવા મથતી સોમાનો સંઘર્ષ છે. ત્રીજા સંગ્રહની ‘પથ્થરનું સંગીત’ વાર્તામાં પતિ સાથેના અણબનાવને કારણે નાયિકા આત્મહત્યા કરી લે છે.

એમનાં ચોથા વાર્તાસંગ્રહનાં સ્ત્રીપાત્રોમાં આપણે નીડરતા સાથે આક્રોશ જોઈ શકીએ છીએ. ‘ન્યાય’ અને ‘ખુરસી’ વાર્તામાં પતિનું આધિપત્ય સંઘર્ષનું કારણ બન્યું છે. સહનશીલતાની હદ વટાવી ચૂકેલી સીતાએ ‘હવે હું વધારે સહન કરવા માંગતી નથી.’ આ વાક્ય દ્વારા પતિના આધિપત્યને પડકાર્યું છે. ‘ન્યાય’ વાર્તાની રાધિકા પણ શ્યામ દ્વારા થતાં અપમાન અને અન્યાય સામે આત્મસમર્પણ કરતી નથી. ‘તારી વાત જુદી શા માટે?’ કહેતી રાધિકા ઘર છોડતી વખતે પતિની દરેક વસ્તુઓમાં પોતાનો સરખો ભાગ લેવાની હિંમત કરી શકી છે. આમ, સમયનાં પ્રવાહ સાથે એમની નાયિકાઓના સંઘર્ષમાં પરિવર્તન જોવા મળ્યું છે. પતિ સામે ઉગ્ર બનીને હિંમતથી સામનો કરતી નાયિકાઓ અહીં જોવા મળે છે.

વાર્તાઓમાં અન્ય ગૌણ પ્રકારનાં સંઘર્ષ પણ જોવા મળે છે. જેને મુખ્ય સંઘર્ષ બાદ મૂકવામાં આવ્યો છે. ‘તમારાં ચરણોમાં’, અને ‘ન્યાય’ જેવી વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનો સમાજના નિયમો સામે પણ સંઘર્ષ વ્યક્ત થયો છે. જેને ગૌણ સંઘર્ષ તરીકે મૂકવામાં આવ્યો છે. આમ, આ જૂથનાં મોટાભાગનાં સ્ત્રીપાત્રો પુરુષની સામે નજર મિલાવીને વિરોધ પ્રગટ કરી શક્યાં છે. અહીં સ્ત્રીનો મૂકસંઘર્ષ નથી પરંતુ, ખુલ્લેઆમ નીડરતાથી વિરોધ છે.

## જૂથ 3 - સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ

વાર્તાકારનાં બધાં જ વાર્તાસંગ્રહો પૈકી માત્ર એક જ વાર્તા ‘ચકલાંઘર’માં સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ જોવા મળે છે. જેની રજૂઆત અત્રે કરવામાં આવી છે.

- ‘ચકલાંઘર’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયકની પત્ની શકુંતલા અને એની માના વિચારોનો મેળ નથી. નાની નાની વાતમાં બંને વચ્ચે બોલાબોલી થઈ જાય છે. આ સ્થિતિમાં બંને એકબીજા સાથે સંઘર્ષ અનુભવે છે. નીચેનાં વિધાનોમાં

બંનેનો એકબીજા પ્રત્યેનો સંઘર્ષ જોવા મળે છે. નાયકની મા વહુ સાથેનો સંઘર્ષ વ્યક્ત કરતાં નાયકને કહે છે કે: “આજે તારી વહુએ મારે માટે મોળું શાક જુદું કાઢ્યું નહોતું.”( પૃ. ૯૧)

પત્ની પણ સાસુ પ્રત્યેનો સંઘર્ષ વ્યક્ત કરતાં કહે છે કે: “તમારાં મા ઘરમાં ચકલાં ઊડી આવે ને કચરો કરે તોય ઉડાડતાં નથી. ને હું કહું ત્યારે નકામાં મારી સાથે કચકચ કરે છે.” (પૃ. ૯૨)

ઉપરોક્ત વિધાનો દ્વારા સાસુ અને વહુ વચ્ચેનો સ્ત્રી સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

અંતમાં સગર્ભા શકુંતલાનું સત્ત્વ નિષ્ફળ જાય છે. આ સ્થિતિમાં તે સંઘર્ષ અનુભવે છે. એની સંઘર્ષમય સ્થિતિનું આલેખન કરતાં વાર્તાકારે નાયકનાં મુખે વર્ણવ્યું છે કે... “અમે ત્યાં પહોંચ્યા ત્યારે શકુંતલા ખાટલામાં બેઠી હતી... અસ્તિત્વમય પણ શૂન્ય.” (પૃ. ૯૭)

સત્ત્વ નિષ્ફળ જવાની ઘટનામાં શકુંતલાની સંઘર્ષમય સ્થિતિનું અહીં નિરૂપણ છે. વાર્તાના મૂળમાં અહીં બે સ્ત્રીઓનો વચ્ચેનો સંઘર્ષ જોવા મળે છે.

જૂથ સમાપન

આ જૂથમાં માત્ર એક જ વાર્તા છે. જેનો સમાવેશ ચોથા વાર્તાસંગ્રહ ‘જવા દઈશું તમને’માં થયો છે. આખી વાર્તામાં સાસુ-વહુનાં પાત્રોને ધ્યાનમાં રાખી તેમની વચ્ચેના વિરોધાભાસને વ્યક્ત કરાયો છે. જેના કારણે સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ ઊપસતો જોવા મળે છે. આ સંઘર્ષ સામાન્ય કક્ષાનો અનુભવાય છે.

- એમની વાર્તાઓમાં સમાજ અને અન્ય સાથેનો સ્ત્રીવિષયક સંઘર્ષ જોવા મળતો નથી.

## પ્રકરણ સમાપન

કુન્દનિકા કાપડીઆ સ્ત્રીસંવેદનોને સાહિત્યમાં ઝીલનાર એક સુપ્રસિદ્ધ ગુજરાતી સ્ત્રીસર્જક છે. વિવિધ ઘટનાપ્રસંગો વડે એમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોની સમસ્યાઓનું ચિત્ર ઊપસી આવે છે. જે સ્ત્રીનાં ભાવનાત્મક સંઘર્ષનું કારણ બને છે. આ સંઘર્ષ માટે અમુક ચોક્કસ પ્રકારનાં કારણોનો વાર્તાકારે વિનિયોગ કર્યો છે. જેમાં સ્ત્રીની સ્વભાવગત ભાવલાગણીઓ, સમાજમાં પુરુષનું પ્રતિનિધિત્વ, પરંપરાગત

માન્યતાઓ, સ્ત્રીસ્વતંત્રતાને અવરોધતા નિયમો, સ્ત્રીની વૃદ્ધાવસ્થા, વિધવાજીવન, નિ:સંતાનપણું, શ્રીમંત કુટુંબોમાં સ્ત્રીની એકલતા અને ખાલીપો મુખ્ય છે. સ્ત્રી મનોગત ભાવલાગણીઓની વાત કરીએ તો અહીં તેનું સ્વાભિમાન, પ્રેમ, વિરહ, વાત્સલ્ય, દયા, ચિંતા, વિરહ, ત્યાગ, ઈર્ષ્યા, અસંતોષ જેવા ભાવો એના સંઘર્ષને ઉજાગર કરવામાં કારણભૂત બન્યાં છે. આ કારણોસર એમનો સ્વ સાથેનો, પુરુષ સાથેનો કે સ્ત્રી સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

ઉપરોક્ત પરિબળો સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષ માટે જવાબદાર બન્યાં છે. વાર્તામાં કોઈક એવી ઘટના કે પરિસ્થિતિનું નિર્માણ થાય છે જેમાં એમનાં પાત્રોનો વિરોધ છે. એમનાં પાત્રો સ્વતંત્રતાના આગ્રહી છે જેના કારણે એમને સમાજના બંધન ખૂંચે છે. પતિના પ્રેમ હેઠળ થતું દમન તેમને અકળાવે છે. ક્યારેક એમની ઇચ્છાઓને કારણે તો ક્યારેક સ્ત્રીમનોગત ભાવ લાગણીઓને વશ થઈને આ પાત્રો સંઘર્ષ કરતાં જોવાય છે. આંતરિક અને બાહ્ય પરિબળો સાથે સમાયોજન સાધી ન શકવાથી વિવિધ પરિબળો સાથે તેમનો સંઘર્ષ જન્મે છે. જે તે પરિબળ સાથે અનુકૂલન સાધવાની પાત્રોની પ્રકૃતિ મુજબ આ સંઘર્ષ સાધારણથી તીવ્ર કક્ષા સુધીનો જોવા મળે છે.

એમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોના સ્વભાવગત મનોભાવોનું સુંદર આલેખન છે. એમનાં નિ:સંતાન સ્ત્રીપાત્રો પારકા બાળકો ઉપર પણ વાત્સલ્ય અને પ્રેમ વરસાવતાં જોવા મળે છે. તેઓ સ્વજનોને ચાહે છે. તેમની લાગણીને કારણે એમની ચિંતામાં દુઃખી થાય છે. પ્રિયપાત્રને અનહદ ચાહતાં હોવાથી તેમનો વિરહ એ સહન કરી શકતાં નથી. અન્યને દુઃખી જોઈ દ્રવી ઊઠતાં અને દયાભાવ અનુભવતાં પાત્રો પણ અહીં છે. પોતાની ઉપેક્ષાને કારણે મનોમન ઈર્ષ્યા કરતાં સ્ત્રીપાત્રો પણ જોવા મળે છે. આમ, અહીં સ્ત્રીસહજ ભાવલાગણીઓ સંઘર્ષનું કારણ બની છે.

સ્ત્રીજીવનની સંઘર્ષમય અવસ્થામાં વૃદ્ધાવસ્થા ગણી શકાય. પોતાના સમગ્ર જીવન દરમ્યાન પરિવાર માટે તે દુઃખ સહન કરે છે. આખું આયખું જેના માટે ખર્ચી નાખ્યું હોય એવા પરિવારજનો અંત ઘડીઓમાં તેની ઉપેક્ષા કરે છે. એ વાસ્તવિકતા છે. એમની વાર્તાઓમાં સ્ત્રીની વૃદ્ધાવસ્થાનું ચિત્રણ છે. સ્વજનોની ઉપેક્ષાને સહન કરતી વૃદ્ધ નાયિકાઓ જીવનમાં એકલતા અને ખાલીપાનો અનુભવ કરે છે.

અહીં જીવનની ઢળતી સંધ્યાએ સ્નેહની ઉષ્માને ઝંખતી નાયિકાઓનો સંઘર્ષ છે. ભૂતકાળની આનંદદાયક ક્ષણોની સામે વર્તમાનની એકલતા અને ઉદાસીનતા તેમને અકળાવી મૂકે છે. સ્ત્રીની મહત્વાકાંક્ષાઓ પણ અહીં સંઘર્ષ માટે પ્રેરક બની છે. મોટાભાગની વાર્તાઓનાં સ્ત્રીપાત્રોને  કોઈક ને કોઈક ઇચ્છા છે. જેનો અસંતોષ અહીં સંઘર્ષનું કારણ બન્યો છે.

એવું કહેવાય છે કે સ્ત્રી તેના પ્રથમ પ્રેમને ક્યારેય ભૂલી શકતી નથી. તેમાંય જે વ્યક્તિ માટે તે સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થાય તે જ વ્યક્તિ વિના રહેવાની સ્થિતિ તેના માટે અસહ્ય થઈ પડે છે. અહીં સ્ત્રીના સંઘર્ષ માટે વાર્તાકારે પ્રેમનિષ્ફળતાના વિષયને પણ હાથવગો રાખ્યો છે. પ્રણયભગ્નતાની અસહ્ય વેદનામાં જીવનનો અંત આણી દેવાનાં વિચારોમાં નાયિકાઓનો સંઘર્ષ નિરૂપાયો છે. નિ:સંતાન હોવું એ પણ એક સ્ત્રી માટે કેટલું દુ:ખદ છે. બાળક માટે તલસતી સ્ત્રીની વેદના એમની વાર્તાઓમાં જોવા મળે છે. જે એમના સંઘર્ષનું કારણ બન્યું છે.

સામાજિક વ્યવસ્થા પણ સ્ત્રીસંઘર્ષ માટે એક મહત્વનું પરિબળ બન્યું છે. જેને કારણે વાર્તાનાં સ્ત્રીપાત્રો માનસિક સંઘર્ષ કરતાં જોવાય છે. અહીં વાર્તાકારે સમાજનાં શ્રીમંત અને ગરીબ વર્ગની સ્ત્રીઓનો સંઘર્ષ ઉઘાડ્યો છે. રાધાનું બાળક ક્ષણે ક્ષણે મરી રહ્યું હોવા છતાં કામવાળી હોવાથી તે પોતાની વ્યથા રજૂ કરી શકતી નથી. એકદમ સામાન્ય લાગતા બનાવની પાછળ રહેલી સમાજીક અર્થવ્યવસ્થાની કરુણઘેરી સ્થિતિના સંકેતોને વાર્તાકારે અહીં રજૂ કર્યા છે. મનોરમા ગૃહસ્થ કુટુંબની હોવાથી ભિખારી બાળક સાથેના વધતા સંબંધને અટકાવવા મજબૂર બને છે.

સમાજની અર્થવ્યવસ્થાના બંધનો એટલી હદે છે કે તે જીવનની અંતિમ ક્ષણોમાં પણ ઘરના દરવાજામાંથી બહાર નીકળી શકવાની હિંમત કરી શકતી નથી. મૃત્યુ સમયે તે એનાં પ્રિય રસોડામાં અને નંદુનું સ્થાન બારી બહાર જ જોવા મળે છે. આર્થિક અસમાનતાને કારણે મનગમતાં સાથી સાથે લગ્ન કરી સુખી ન થઈ શકતાં પાત્રો અહીં જોવા મળી જાય છે. ગરીબ-તવંગર વચ્ચેના ભેદભાવનો નિર્દેશ કરતી અને સામાજિક અર્થવ્યવસ્થાને ઉજાગર કરતી આ વાર્તાઓમાં સ્ત્રીની એકલતા અને અસહાયતાનું વર્ણન છે.

એમની વાર્તાઓમાં વિધવાજીવનને દર્શાવાયું છે. પતિ વગરના જીવનમાં સ્ત્રીને કેટકેટલું સહન કરવું પડે છે તેનો સુંદર ચિતાર એમની વાર્તાઓમાં જોવા મળી જાય છે. સફેદ રંગમાં વીંટળાયેલા એ વિધવા જીવનના સંઘર્ષમાંથી બહાર નીકળવાનો માર્ગ પણ અહીં છે.

સમાજમાં ચાલી આવેલી પુરુષપ્રધાનતાને કારણે સ્ત્રીને હંમેશા કઠપૂતળી બનીને રહેવું પડ્યું છે. પોતાની ઇચ્છા-અપેક્ષાઓનું દમન કરીને પણ તેણે પતિની ઇચ્છાઓને શિરોમાન્ય રાખવી પડે છે. આ કારણે એમનાં સ્ત્રીપાત્રોનો પુરુષ સાથે સંઘર્ષ છે. મહદંશે અહીં સંઘર્ષ માટે સૌથી જવાબદાર પરિબળ તરીકે પુરુષનું આધિપત્ય અને તેનું વર્તન જવાબદાર છે. સ્ત્રીના સંઘર્ષને ઘેરો બનાવવાના હેતુ સાથે તેની ઇચ્છા-અપેક્ષાઓ, સમાજવ્યવસ્થા અને સ્વભાવગત લાગણીઓ જેવા વિષયોનો સમન્વય કરેલો જોવા મળે છે. સ્ત્રી ના સ્ત્રી સાથેના ભાવનાત્મક સંઘર્ષના આલેખનમાં વાર્તાકારે વધુ રસ લીધેલો જણાતો નથી. બે સ્ત્રીપાત્રો વચ્ચેની અસમાન વિચારસરણીને કારણે સંઘર્ષ દર્શાવતી માત્ર એક વાર્તા જ મળે છે.

સ્ત્રીસંઘર્ષની ચકાસણી માટે અહીં જૂથ વર્ગીકરણનો સહારો લેવાયો છે. જેના દ્વારા પહેલી નજરે જ સમજાઈ જાય છે કે વાર્તાકારની મહત્તમ વાર્તાઓમાં સ્ત્રીનાં સ્વ સાથેના સંઘર્ષનું જ નિરૂપણ છે. એમનાં મોટાભાગનાં સ્ત્રીપાત્રો સંઘર્ષ પ્રેરક પરિબળોનો સીધો વિરોધ પ્રગટ કરી શક્યાં નથી. તેમનાં વિચારોમાં એ વિરોધ વ્યક્ત થતો જોવા મળે છે. અહીં આડકતરી રીતે સ્વસંઘર્ષ માટે સ્ત્રી, પુરુષ, સમાજ અને અન્ય કારણો ભાગ ભજવતાં જોવા મળે છે.

પુરુષ સાથેનો સંઘર્ષ દર્શાવતી વાર્તાઓ પ્રમાણમાં ઓછી છે પરંતુ એની આગવી વિશેષતાઓ જોઈ શકાય છે. સમયની સાથે સાથે એમનાં સ્ત્રીપાત્રો સંઘર્ષ માટે વધુ સબળ બને છે. સંઘર્ષ માટેનાં કારણો એ જ છે પરંતુ એનો સામનો કરવાની રીત પાછલા સંગ્રહોમાં બદલાતી જોવા મળે છે. આ સ્ત્રીપાત્રો પુરુષ અને સમાજના આધિપત્યનો હિંમતથી ઉગ્ર વિરોધ કરતાં જોવા મળે છે. એમની માત્ર એક જ વાર્તામાં સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ છે. જે પણ સામાન્ય કક્ષાનો જોવા મળે છે. આમ, એમની વાર્તાઓમાં સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ નહિવત્ છે. અહીં સમાજ અને અન્ય પરિસ્થિતિઓ સ્વસંઘર્ષ માટે કારણભૂત બની છે પણ સીધો જ સમાજ સાથેનો અને અન્ય સાથેનો સંઘર્ષ જોવા મળતો નથી.

આમ, કુન્દનિકા કાપડીઆની મહત્તમ વાર્તામાં સ્ત્રીજીવનની વેદનાઓ અને તેના કારણે ઉદ્દીપ્ત થતાં ભાવનાત્મક સંઘર્ષો જોવા મળે છે. સંઘર્ષને પરિણામે એમનાં સ્ત્રીપાત્રો આંશિક કે મહદંશે વ્યથિત થતાં જોવા મળે છે.

---

[i] 'ગુજરાતમાં નારીચેતના', લેખિકા: શિરીન મહેતા, પ્ર. આ.૨૦૦૯, પૃ. ૨૩

[ii] 'સાત પગલાં આકાશમાં', લેખિકા: કુન્દનિકા કાપડીઆ, પ્ર. આ.૧૯૮૪, પ્રસ્તાવના-પૃ. ૨૨